સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

જૂન - ૨૦૧૫
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



ચંદન વાઘામાં શોભતા ભગવાન શ્રીહરિ સ્થાપિત
શ્રી હરિકૃષ્ણ મહારાજ - શ્રીગોપીનાથજી મહારાજ - ગઢડા












શિકાગો-અમેરિકાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં મંદિરના મહંત પૂ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (ગઢડા)ના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર-વ્હીલીંગનો '૨૪મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૧૮ થી ૨૪-૫-૨૦૧૪)

## રઘુવીરવાડી-વડતાલ






રઘુવીરવાડી-વડતાલને આંગણે ઠાકોરજીના ચંદનના વાઘા કરતા પ.પૂ. ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા સત્પુત્ર પ.પૂ. બાળલાલજી શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન

**વર્ષ : ૩, અંક : ૫, તા. ૨૦-૦૬-૧૫**

**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**:: પ્રસિદ્ધ કર્તા ::**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી
**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

**સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**www.sardhardham.com, www.svg.org**
**Email :** srdharmandir@gmail.com


## અમૃતવાણી

‘શ્રોતું શ્રુતેનૈવ ન કુંડલેન,
દાનેન પાણિર્ ન તું કંકણેન ।
વિભાતિ કાયઃ ખલુ સજ્જનાનાં,
પરોપકારૈર્ ન ચન્દને ।।’

કાન જ્ઞાનને સાંભળવાથી શોભે છે, કુંડળથી નહિ. હાથ દાનથી શોભે છે, કંકણથી નહિ. સજ્જનોનું શરીર પરોપકારથી શોભે છે, ચંદનના લેપથી નહિ.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ॥ માનવ ભવ - મા નવઃ ॥ | ૦૪ |
| ૨. | પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા | ૨૦ |
| ૩. | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૪ |



**લવાજમ દર :-** બે વર્ષ : રૂા. ૧૬૦/- , પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**



हमारा लक्ष्य — विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
**દિવ્ય અમૃતવાણી**
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
**સત્સંગ કથા પારાયણ**
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
**સત્સંગ કથામૃત**
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦ શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦

# માનવ

## ભવ મા-નવઃ

**'હૃદયમાં જે માનવનો ગમ સાચવે છે,**
**અસલમાં એ સાચો ધરમ સાચવે છે.'**

સંપ્રદાય અને ધર્મકુળ સાથે જોડાયેલા આપણે સૌ આપણા **સંપ્રદાયનું** કે **ધર્મકુળ** કે તેમને આશ્રિત **સંતો-હરિભક્તોનું** કોઈ ઘસાતું બોલે ત્યારે ઘસાતું બોલનાર સામે યુદ્ધને મોરચે ચઢવા તૈયાર થઈ જઈએ છીએ, અને બિલકુલ થવું જ જોઈએ. કારણ કે, શ્રીજીમહારાજની પણ એ જ આજ્ઞા છે કે કોઈ પોતાના ઈષ્ટદેવ (ઈષ્ટદેવ સંબંધી કોઈપણ અંગતત્ત્વ)નું ઘસાતું બોલે તો તેના વેણ પર વેણ મારવું પણ પાજીપળાવની છાયામાં દબાઈ ન જવું. (**વચનામૃત** મધ્ય પ્રકરણ - ૫)


પરંતુ ક્યારેય આપણે વિચાર કર્યો છે કે, કોઈ વ્યક્તિ સંપ્રદાય કે ધર્મકુળનું ઘસાતું બોલે છે એમાં હું પણ જવાબદાર તો નથી ને ? જો તમે હો તો તમે ભગવાનના ભક્ત તો શું હજુ માનવ પણ નથી થયા...!! ખેર, એવું હોય તો ખોટી ચિંતા ન કરો, માત્ર એકાંતમાં બેસી અને પોતાની જાતને કહો 'માનવ ભવ મા નવઃ ।' અર્થાત્ '**માનવ બન.** બીજું કંઈ **નવું ન બન,** પશુ ન બન... પણ **માનવ** બન...!!!'

**સાધુ અમૃતસ્વરૂપદાસજી** તથા
**પાર્ષદ સંદિપ ભગત** તથા **પાર્ષદ ઉત્તમ ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સવારના પહોરમાં કોઈ પરિચિત આપણને 'Good morning' કહે તેથી આપણું પ્રભાત કે દિવસ Good બની જતા નથી. તો ? દિવસ દરમ્યાન (રોજ હો !) એકાદું **નાનું** પણ એવું **કામ** કરીએ. જેથી આપણો આત્મા **શતદલ પદ્મ** પેઠે પાંગરે, હૃદય કૃતજ્ઞતાથી ભીંજાય, દિલ **બાગબાગ** થઈ જાય, તે સવાર અને તે દિવસ સુધી ગયા ગણાય...!!



ધોધમાર વરસાદ પડી ગયા પછી વગડામાં ચોમેર લીલું ઘાસ ઊગી નીકળ્યું. એ તૃણાંકુરો વચ્ચે વેંત એકનો રોપડો..., દસ-બાર પર્ણો..., ને ઉપર ઊગ્યું ફૂલ...!!! એ નાનકડા પુષ્પને પૂછ્યું : "તને અહીં મજા આવે છે ?" સ્મિતભર સુવાસ સ્વરે જવાબ મળ્યો : "બહુ જ." હવાની હળવી લહેરખીએ એ ડોલ્યું. બીજો પ્રશ્ન પૂછ્યો : "તને શું થવું ગમે ?" જવાબ હતો : "આ કંઈ પૂછવાની વાત છે ? મને તો **ફૂલ** જ થવું ગમે !"



માનવ બાળને આ પ્રશ્ન પૂછવાથી જવાબ મળે : "ડૉક્ટર, પાયલોટ, વકીલ, એન્જીનિયર વગેરે વગેરે." કોઈનેય માનવ થવું ન ગમે.

એને ફૂલ જેવી તાલીમ ક્યારે મળશે ? ...મળશે ???

માણસ સ્ટુડીયોમાં ફોટો પડાવવા જાય ત્યારે પોતે હોય એના કરતા અધિક રૂપાળો દેખાવાનો **પ્રયત્ન** કરતો હોય છે. ગીરના જંગલમાં પ્રવાસીને સિંહ પોતાની ભયંકરતાનું પ્રમાણપત્ર બતાવે છે ? બુલબુલને પોતાના કંઠ માટે કોઈના પ્રમાણપત્રની જરૂર ખરી ? ફૂલ પોતાના સૌંદર્ય અને સુવાસ વિશે વાતો કરે છે ? નિર્ઝર જેમ સહજભાવે નિજાનંદમાં વહ્યા કરે તેમ માણસ વહેતો રહે તો ?

પણ... પણ..., **અફસોસ** એ વાતનો છે કે આજકાલ માણસને પોતાની બડાઈ હાંકવાનો શોખ થઈ ગયો છે. અને **'નામ બડે ઔર દર્શન છોટે'** જેવી સ્થિતિ સર્જાય ગઈ છે.

આપણે બધા ધર્મના **મૂળ સમાજ** ભારત દેશના સંતાનો છીએ એટલે સહેજે જ ધર્મ તરફ આપણું આકર્ષણ રહે અને રહેવું જ જોઈએ. પરંતુ આપણે ઘણીવખત પાયાનો મુદ્દો ભૂલી જઈએ છીએ. અને એ છે **'માનવતા.'**

**'હૃદયમાં જે માનવનો ગમ સાચવે છે, અસલમાં એ સાચો ધરમ સાચવે છે.'**

આપણે ભારતીયો ધર્મ બાબતમાં વધારે પડતા આખા છીએ. જે ધર્મ આપણે પાળતા ન હોઈએ એના માટે પણ ઝઘડો કરવા તરત જ તૈયાર થઈ જઈએ છીએ. જે મંદિર કે ધાર્મિક સ્થાનમાં આપણે ક્યારેય પણ જતાં ન હોઈએ એ મંદિર કે સ્થાન માટે પણ માત્ર ઝઘડો કરવા તત્પર જ હોઈએ છીએ. બધાજ જાણે ધર્મનું રક્ષણ કરવાનો ઠેકો રાખીને બેઠા હોય એમ **ધર્મ માટે લડાઈ-ઝઘડા** કરવા મેદાનમાં ઉતરી પડીએ છીએ. આપણે આચરણ કરતા નથી અને છતાં પણ આપણી જાતને આપણે **ધાર્મિક** માનીએ છીએ. કોઈપણ માણસને આપણે પૂછીએ કે, તમે ધર્મે કેવા છો ? તો તરત જ કહેશે કે, અમે ધર્મે જૈન અથવા મુસ્લિમ, અથવા ખ્રિસ્તી, અથવા તો હિન્દુ છીએ. પરંતુ આ જૈન, આ મુસ્લિમ, આ ખ્રિસ્તી, આ હિન્દુ ખરેખર એમનો **ધર્મ** પાળે છે ખરા...?

> "માણસ જે કોઈ ધર્મ પાળતો હોય, એ ધર્મ માટે યોગ્ય થવા માટે પ્રથમ એમણે **'માનવ'** બનવાની જરૂર પડે છે. કોઈપણ વ્યક્તિ પાયાનો **મનુષ્યધર્મ** પાળ્યા વિના બીજા કોઈપણ ધર્મ માટે યોગ્ય બની શકતો નથી."

કારણ કે, "માણસ જે કોઈ ધર્મ પાળતો હોય, એ ધર્મ માટે યોગ્ય થવા માટે પ્રથમ એમણે **'માનવ'** બનવાની જરૂર પડે છે. કોઈપણ વ્યક્તિ પાયાનો **મનુષ્યધર્મ** પાળ્યા વિના બીજા કોઈપણ ધર્મ માટે યોગ્ય બની શકતો નથી."

આવો આપણે જોઈએ માણસ જ્યારે પોતાની માનવતાને પોતાના ઘરની અભેરાઈ પર મૂકીને જ્યાં ત્યાં જાય છે ત્યારે તેની અંદર રહેલી **દાનવતા**થી નિર્દોષની કેવી **કસામણી** થાય છે તેનું **આભલું** :

એક દસેક વર્ષનો **છોકરો** મુંબઈની ઝૂંપડપટ્ટીમાં એના મા-બાપ સાથે રહે. એક દિવસ એક ટ્રેન અકસ્માતમાં એના મા-બાપ ગુજરી ગયા. છોકરો અનાથ થઈને રહી ગયો. પાડોશીઓનો જીવ બળી ગયો. અઠવાડિયા સુધી પાડોશીઓએ એને સાચવ્યો પણ પછી પ્રેમ ઘટતો ગયો. હવે છોકરો કંઈ કામ મળે તો કરતો અને ખાતો નહિતર દિવસોના દિવસો સુધી ભૂખ્યો પડ્યો



રહેતો. વખત જતા મકાનમાલિકને પણ થયું આ છોકરાને ખોટો મકાનમાં રહેવા દીધો છે. એ કરોડપતિ શેઠે બસો રૂપિયાના ભાડા માટે એને ત્યાંથી તગડી મૂક્યો. ચીંથરેહાલ છોકરો અમદાવાદ જતી ટ્રેનમાં ચડી ગયો. એના મેલાં કપડાં જોઈને એક **નોકરિયાત** અને સુઘડ **માણસ**ને ચીડ ચડી. એણે એને ખખડાવીને ઊભો કરી મૂક્યો : ''એય, લબાડ ! ચાલ ઊભો થા.'' બીજા પેસેન્જરોએ પણ એનો સાથ પુરાવ્યો : ''હા, હા બરાબર છે. ભગાડો એને. શી ખબર કેટલાયે દિવસથી ન્હાયો નહીં હોય. ગંધાતો ક્યાંયનો ચડી ગયો છે.''

છોકરો ટ્રેનના દરવાજે ઊભો રહી ગયો. આંખ અને દશ્યની વચ્ચે આવતા આંસુના પરદાની આરપાર એ પસાર થતા આ માનવતાવિહીન શહેરને તાકી રહ્યો. આગલા સ્ટેશને ગાડી ઊભી રહી અને ટી.ટી. ચડ્યો. એક કોલેજિયન યુવાન પાસે ટિકિટ માગી. પેલા પાસે ટિકિટ નહોતી. ટી.ટી.એ પ્રેમથી કહ્યું : ''ભાઈ ! ટિકિટ વગર તો કેમ ચાલે, આપે દંડ ભરવો પડશે...'' પણ એ કાંઈ બોલે એ પહેલા જ પેલા છોકરાએ સોની નોટ કાઢી. ટી.ટી. વિકૃત હાસ્ય વેરતો ત્યાંથી નીકળી ગયો. થોડીવારે એ પેલા છોકરા પાસે આવ્યો. આવીને સીધો એને **અપશબ્દો** જ બોલવા લાગ્યો : ''એ નાલાયક ! ક્યાંથી ચડ્યો છે ? ટિકિટ બિકિટ લીધી છે કે પછી બાપની જાગીર સમજીને ચડી ગયો.'' છોકરાએ રડતા રડતા કહ્યું : ''સાહેબ ! ટિકિટ લેવાના પૈસા નથી.'' ટી.ટી.એ ફરીવાર ગાળોનો વરસાદ વરસાવતા એને દરવાજામાંથી ધક્કો માર્યો. છોકરો ટ્રેનમાંથી બહાર **પ્લેટફોર્મ** પર પછડાયો. એનો પગ ભાંગી ગયો. એણે એક **કણસાટભરી નજર** ચારે તરફ નાખી. પણ કોઈ માનવતાનો પૂજારી એને ઊભો કરવા ન આવ્યો. ભીડ બહુ હતી, પણ **માણસ** એકેય ન હતો ? કે પછી માણસો ઘણાય હતા પણ માનવતા ક્યાંય ન હતી...!!!



''જે વ્યક્તિ **'માનવ'** તરીકેનો પોતાનો **ધર્મ** અદા કરી શકતી નથી કે મનુષ્ય તરીકેની પોતાની યોગ્યતા જાળવી શકતી નથી, તે સાચા અર્થમાં ક્યારેય **ધાર્મિક** હોઈ શકતી નથી.''



આ વાતને બીજા વિચારથી જોઈએ તો એમ કહી શકાય કે, ''જે વ્યક્તિ **'માનવ'** તરીકેનો પોતાનો **ધર્મ** અદા કરી શકતી નથી કે મનુષ્ય તરીકેની પોતાની યોગ્યતા જાળવી શકતી નથી, તે સાચા અર્થમાં ક્યારેય **ધાર્મિક** હોઈ શકતી નથી.''

**તાત્પર્ય** એટલું જ છે કે, ભગવાનના સાચા ભક્ત બનવા માટે સૌપ્રથમ **'માનવ'** બનવાની જરૂર પડે છે. બીજા પ્રાણીઓથી કંઈક **વિશેષ** બનવું પડે છે, બીજા પ્રાણીઓથી થોડી **ઉચ્ચ સ્થિતિ** પ્રાપ્ત કરવી પડે છે.

આજના પૈસા પાછળ દોડતા વધુને વધુ હિંસક બનતા જતાં વિશ્વમાં માનવીની કિંમત **શૂન્ય** બની ગઈ છે. માનવી એ ફક્ત હવે એક **પ્યાદું** (પૈદલ સૈનિક) બની ગયો છે - વિકાસની આ દોડનો...!! પોતે જ રચેલી આ **ભૂલભૂલામણી**માં માનવી હવે એવો ફસાયો છે કે પૈસા અને બંદૂકની ગોળી આગળ તેની કોડીની પણ કિંમત રહી નથી. પહેલા માનવી **સર્વોત્તમ** હતો, સંપૂર્ણ ક્રમાંકમાં હતો. હવે માનવી **ગૌણ** છે, તે એકમાત્ર સાધન બની ગયો છે. પોતાની જ કરમકહાણીમાં માનવી, **'માનવ'** તરીકેનું ગૌરવ તથા પ્રભુત્વ બંને ગુમાવી બેઠો છે.

આજે જાહેર માર્ગો પર ભરબપોરે માનવી પર ગોળીઓ ઝીંકાય છે, પરંતુ આ અટકાવી શકાતું નથી. તમારા ઘરમાં આવીને ધોળે દહાડે વૃદ્ધ પુરુષો કે સ્ત્રીઓને ચરી-ચપ્પાંના ઘા મારી જનારા પડ્યા છે પણ આમાં કાંઈ થઈ શકતું નથી. આવા બનાવો બસ ખાલી 'Breaking news' બનીને ચમકે છે અને પાછા ભૂલાઈ પણ જાય છે. લોકસભા કે વિધાનસભાના સભ્યોની પણ હવે તો હત્યાઓ થાય છે. ગરીબ બાળકોને ઉપાડી જવાના - તેમને વેચવાના કિસ્સાઓ હજારોમાં બની રહ્યા છે. ગામડાની ગરીબ-અભણ બાળકીઓને - સ્ત્રીઓને ઉપાડી જઈ વેચીને તેમને દુરાચારની પ્રવૃત્તિમાં ઢસડી જવાના સેંકડો કિસ્સાઓ બની રહ્યા છે અને આ બધું પાછું રોજનું થઈ ગયું છે. સરકાર અને સમાજ બંને અસહાય બની માત્ર આ તમાશો જોઈ રહ્યા છે, પણ આ સિલસિલો ચાલું જ છે અને તેનો ત્રાસ વધતો જ જાય છે. આ છે આજે **માનવની હાલત...!!!**

પૈસા આગળ માણસ કેટલો વામણો બની ગયો છે તેની દુર્દશા જુઓ. મા-બાપના પૈસા પડાવી લઈ ઘર પોતાના નામે લખાવી લઈ મા-બાપને ઘરની બહાર હડસેલી દેતા પુત્રો-પુત્રવધુઓ આજે દરેક શહેરમાં સેંકડોમાં મળશે. ઘરડા ઘરમાં જઈ આ વૃદ્ધ માનવીઓની શરમજનક **વીતક ઘટનાઓ** સાંભળીને દિલમાં હાહાકાર મચી જાય છે. ધંધામાં ભાઈ-ભાઈના ગળા કાપવાની વાતો **સામાન્ય** બનતી જાય છે. પછી બીજાના ગળા કાપવામાં તો નાનપ જ શાની...?

બોગસ કંપનીઓ ખોલી શેરો-ડિપોઝીટોના નામે કરોડો નાના-મધ્યમ વર્ગના માનવીઓના નાણા પડાવી લેનાર શાર્ક માછલી જેવા નિષ્ઠુર માણસો આ વિશ્વમાં બે-ચાર નહીં પણ હજારોની સંખ્યામાં પેદા થાય છે. લોકોની અબજોની ડિપોઝીટો લઈ રાતોરાત ગાયબ થઈ જતા બદમાશો હજુ રોજે-રોજ નવા પેદા થતાં જાય છે, પણ કોઈ કાંઈ કરી શકતું નથી. કારણ કે, બધા જ **પૈસાના ગુલામ** બની ચૂક્યા છે. આજે માનવીની કિંમત શૂન્ય છે - **પૈસો મહાન** છે.

સમાજ પણ એવો **હિપોક્રેટ** થઈ ગયો છે કે, જેની પાસે નાણાં છે તેની જ વાહ-વાહ કરે છે. કહેવાતા સાધુ-સંતો પણ તેમની બાંગો પોકારે છે, પછી ભલે આ પૈસો કાળાબજારથી આવ્યો હોય કે ધંધામાં છેતરપિંડી કરીને મેળવ્યો હોય. આજે માનવીની સચ્ચાઈની કદર નથી, પણ એના બેંક બેલેન્સની કદર છે.



બીજા તો ઠીક પણ તમારા પોતાના કહેવાતા તમારા પત્ની કે બાળકો પણ નાણાં વિના તમને ક્યારેય **'નાથાલાલ'** નહીં કહે. કારણ સ્પષ્ટ છે. અહીં કિંમત માનવની નહિ પણ તેના 'Money power'ની છે...!!



હવે બુદ્ધિ, સચ્ચાઈ, ઈમાનદારીનો જમાનો નથી. હવે લુચ્ચાઈ, છેતરપિંડી અને નાણાં બનાવવાની ક્ષમતાનો જમાનો છે...!! આજે માણસ એક **ચીજવસ્તુ** બની ગયો છે...!! દરેક માણસ પર જાણે 'M.R.P' લાગી ગઈ છે...!!

આજે **'પ્રોપર્ટી'** અને **'મની'** માટે સોપારી અપાય છે. (અહીં મુખવાસ વાળી એટલે કે ખાવાની સોપારીની વાત નથી થતી એ તો તમે સમજી જ ગયા હશો...!!) કોઈ ધંધામાં હરીફ હોય તો તેનું કાસળ કાઢી નખાય છે. બંદૂકની ગોળીએ કે લાઠીના જોરે પૈસા વસુલવા એ આજ-કાલ **શૂરવીરતા** કહેવાય છે !

સ્કૂલ-કોલેજોમાં આજે નાણાંના જોરે એડ્‌મિશન ઘેર બેઠાં મળી જાય છે. જ્યારે સારા મેરિટવાળા ગરીબ વિદ્યાર્થીના મા-બાપની હાલત એડ્‌મિશન લેવાના સમયે દયાજનક બેબાકળી હોય છે...!!! દાદાગીરી કરતા વિદ્યાર્થીને તો ગમે ત્યાં બેધડક એડ્‌મિશન અપાવી શકે છે...પણ તમારી વર્ષોની સમાજસેવાની કોઈ કિંમત નથી. હોસ્પીટલોમાં પણ આ જ દશા છે - પછી એ ટ્રસ્ટોની હોય કે સરકારી. 'કાગડા બધે જ કાળા છે.' હિંસા અને પૈસા આજકાલ સમાજના **ચલણી સિક્કા**ની બે બાજુ છે.

તમારે આજના સમાજમાં **ટેસથી જીવવું** છે ? અગર હા તો, કોઈનું કાંઠલું કરતા શીખો કાં તો કોઈનો કાઠલો દબાવતા શીખો. આ તમને આવડ્યું તો લીલાલહેર...!! આખી દુનિયાને તમારે ઈશારે નચાવી શકો. પરંતુ જો આ તમને ન આવડ્યું અને ભૂલચૂકેય તમે સજ્જનતા, સચ્ચાઈ, ઈમાનદારીના માર્ગે ચાલ્યા તો સમજી લેજો કે તમારે અને તમારા કુટુંબ-પરિવારને ભૂખે મરવાનું છે, દરબદર ઠોકરો ખાવાની છે, છેલ્લી હરોળમાં બેસવાનું છે, બધાની ઉપેક્ષા સહન કરવાની છે. અરે ! બીજા તો ઠીક પણ તમારા પોતાના કહેવાતા તમારા પત્ની કે બાળકો પણ નાણાં વિના તમને ક્યારેય **'નાથાલાલ'** નહીં કહે. કારણ સ્પષ્ટ છે. અહીં કિંમત માનવની નહિ પણ તેના 'Money power'ની છે...!!

સમાજની આ **પરિસ્થિતિ** કુદરતી કે આકસ્મિક નથી, પણ માણસ દ્વારા સર્જીત જ છે. આજના **સામાજિક માણસ** પાસે ધન-દોલત, સંપત્તિ-સંતતિ, સાધન-સુવિધા, યંત્ર-તંત્ર, બુદ્ધિ-ભણતર બધું જ છે, પણ તે એવો તો **'ધનસુખલાલ'** બની ગયો છે કે તે પૈસા માટે બધું કરવા તૈયાર થઈ જાય છે. જી હા, બધું જ...!!! આપણા વેદકાળનો માનવ આવો તો નહોતો, તો પછી માનવજાતમાં આવો **સડો** આવ્યો ક્યાંથી...? આપણા સમાજમાં મુઠ્ઠીભર બચવા પામેલા સજ્જનો-મહાપુરુષોના હૃદયને આ પ્રશ્નનો **હથોડો** દિન-રાત ફટકા મારે છે, પરંતુ તેનો હલ શોધી શકે છે કોઈક જ વીરલા...!!!

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના મતે માણસની માનવતામાં આવેલી **વિકૃતિ**ના ઘણા **કારણો**માંનું એક કારણ **'કાળચક્ર'** છે. ભગવાન શ્રીહરિ વડતાલ પ્રકરણના છઠ્ઠા **વચનામૃત**માં કહે છે : "જ્યારે પ્રથમ આ વિશ્વ રચ્યું ત્યારે પ્રથમનો જે સત્યયુગ તેને વિષે સર્વે મનુષ્યના સંકલ્પ સત્ય થતા અને સર્વે બ્રાહ્મણ હતા અને મનમાં સંકલ્પ ધારે ત્યારે સંકલ્પમાત્રે કરીને જ પુત્રની ઉત્પત્તિ થતી અને સૌને ઘેર કલ્પવૃક્ષ હતાં અને જેટલા મનુષ્ય હતાં તે સર્વે પરમેશ્વરનું જ ભજન કરતાં અને જ્યારે ત્રેતાયુગ આવ્યો ત્યારે મનુષ્યના સંકલ્પ સત્ય રહ્યા નહિ, જ્યારે કલ્પવૃક્ષ હેઠે જાય ત્યારે સત્ય સંકલ્પ થાય અને સ્ત્રીનો સ્પર્શ કરે ત્યારે પુત્રની ઉત્પત્તિ થાય અને જ્યારે દ્વાપરયુગ આવ્યો ત્યારે સ્ત્રીનો અંગસંગ કરે ત્યારે પુત્રની ઉત્પત્તિ થાય અને એવી રીતે જે સત્યયુગ, ત્રેતાયુગની રીત તે સર્વ સત્યયુગ, ત્રેતાયુગમાં ન હોય, તે તો **પ્રથમ સત્યયુગ** ને **પ્રથમ ત્રેતાયુગ** હતા તેમાં હતી. એવી રીતે જ્યારે **શુભ કાળ**

બળવાનપણે પ્રવર્તે ત્યારે જીવના અશુભ કર્મના **સામર્થ્ય**ને ન્યૂન કરી નાખે છે.''

પરંતુ આનો **અર્થ** બિલકુલ એવો નથી કે, માનવને **કાળ લહેર**માં જ વહેતું જવાનું છે..., ભગવાન શ્રી સ્વામિનારાયણના મતે કાળ **સમર્થ** જરૂર છે પણ ભાગ્યવિધાતા નથી. ભાગ્યવિધાતા તો ભગવાન સિવાય બીજો કોઈ નથી અને ભગવાનનો સાચો શરણાગત ભક્ત હોય તે આ **રહસ્ય**ને ખૂબજ સારી રીતે જાણે છે. માટે જ કાળની ગતિને પણ તે ફેરવી શકે છે.

માયકાંગલા થઈને જે કળિયુગી દૂષિત વાતાવરણ હોવાના **રોદણા** રોવે છે અથવા તો જે ભાગ્યના ભરોસે જ બેસી રહીને **નાદાર** થઈ જાય છે તેવા માણસોના દૂષિત મનના કિચડને ખંખેરીને તેમાં નવચેતના ભરતા થકા ભગવાન શ્રીહરિ **અદ્‌ભુત ઉપાય** બતાવતાં ગઢડા પ્રથમ પ્રકરણના ૫૯મા **વચનામૃત**માં કહે છે : ''...અતિશય જે મોટા સમર્થ પુરુષ હોય તે જે દેશમાં રહેતા હોય તેને પ્રતાપે કરીને ભૂંડો દેશ હોય, ભૂંડો કાળ હોય, ભૂંડી ક્રિયા હોય તે સર્વે સારાં થઈ જાય છે.''

પરંતુ માનવસહજ સ્વભાવ છે કે, તેને તેના સમોવડીયા સાથે જ ગોઠે. તો પછી **સ્પષ્ટ વાત** છે કે પોતાની માનવતાને ભૂલી ગયેલા માણસને સાચા માનવ સાથે ન જ ગોઠે.

વળી **પુનઃ પ્રશ્ન** ત્યાં જ આવીને ઊભો રહી ગયો - શું માણસને સમયની લહેરમાં જ વહ્યું જવાનું ? શું ફરી ક્યારેય માણસ સાચો માનવ નહીં બની શકે ? બિલકુલ બની શકે છે. કારણ કે, તે માણસ છે અને કાળા માથાનો માણસ જે ધારે તે કરી શકે છે. તો શું **સાચો માનવ** ન બની શકે ? બસ, દૃઢ હિંમત લઈને નીકળે તો જરૂર માનવ બની શકે છે. તેથી કોઈ **કવિએ** કહ્યું છે :

**'પથ્થર જો રૂપ બદલે તો પરમાત્મા બની શકે છે,**
**માનવી જો મિજાજ બદલે તો મુક્ત બની શકે છે.'**
**'કદમ સ્થિર હોય તેને રસ્તો કદી જડતો નથી,**
**અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.'**

માણસ, માણસથી કંટાળી જાય એવું બને. માણસ, માણસને રડાવે એવું બને. માણસ, માણસને છેતરે એવુંય બને. માણસ, માણસને એની જ્ઞાતિ, ધર્મ, ગમા-અણગમા ઠોકી-ઠોકીને બતાવે, એવુંય બને. યાદી લખવા બેસીએ તો કદાચ આ લેખ આ વાતમાં જ આલેખાય જાય ! ના, એવું કરવાનો એવો કોઈજ ઈરાદો નથી. અંગ્રેજીમાં એક **જાણીતું વાક્ય** છે : 'Nature sacrifice beauty for higher aims.' અર્થાત્ પ્રકૃતિ કંઈક **વિશિષ્ટ હેતુસર** સૌંદર્યનું **બલિદાન** આપતી હોય છે. પ્રકૃતિને બીજે દિવસે નવા પુષ્પો ખીલવવાના છે એટલે આગલી સાંજે ખીલેલા સુમનને કરમાવું પડે. એક સૌંદર્ય જાય પછી જ બીજા સૌંદર્યનું આગમન થાય. કેમ કે, માણસ પણ પ્રકૃતિનો એક ભાગ છે તેથી માણસમાં રહેલા ગુણો જેવા કે - સચ્ચાઈ, ભલમનશાહી વગેરે કોઈ ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્તિ માટે ઉપયોગમાં લેવાય છે. અનેક સજ્જનો પાસેથી સાંભળવા મળે કે, સારાની જ દશા ખરાબ કેમ ? એક ડગલું આગળ જઈએ તો એમ પણ સાંભળવા મળે કે 'સારા કોઈ દિવસ થવાય નહિ.' 'But, don't mind.' આનાથી સારા માનવીને નિરાશ થવાની જરૂર નથી. કેમ કે, સારાપણું કોઈ દિવસ એળે જતું નથી. **કરશનદાસ માણેકના શબ્દો** અહીં ટાંકવા યોગ્ય છે :

**'છે લાંબા પ્રવાસો ને ટૂંકી છે દૃષ્ટિ, ને કમજોરીઓ તો ભરી આખી સૃષ્ટિ;**
**નિરાશામાં કારણ હજારો હું ભાળું, છતાં માનું માનવનું ભાવિ રૂપાળું.**
**ભરી જેટલી આ જગતમાં અગન છે, વધુ એથી માનવના ઉરમાં લગન છે;**
**જગત રીઝતું છો રીઝાવી એને, અરે ! એ તો મહોબ્બતને માર્ગે મગન છે.'**

માનવનું ભાવિ રૂપાળું ત્યારે જ બને જ્યારે તે **પ્રેમી** બને. અને પ્રેમી કોઈ દિવસ ડરપોક હોય શકે ખરો ? એ તો એક મ્યાનમાં બે તલવાર જેવી વાત થઈ, કાં તો ડર રહે અને કાં તો પ્રેમ...!!! મુખ્ય મુદ્દો એ છે કે, સ્વ હિંમત વિના ક્યારેય **સાચા માનવ** બની શકાતું નથી. તમારામાં જો





"જ્યારથી સૃષ્ટિનું સર્જન થયું ત્યારથી અત્યાર સુધીમાં કોઈપણ પશુએ ક્યારેય પણ પોતાની **પશુતા** છોડીને કાંઈક નવું બનવાની **કોશિશ** ભૂલથી પણ નથી કરી. તો તું શા માટે તારી માનવતા છોડીને કંઈક નવો થવા મથે છે ? અર્થાત્ શા માટે પશુ થવા મથે છે ? તું જે છે એ સહજ રે'ને ?"



સાચા માનવ બનવાની હિંમત ન હોય તો એક **સાચા પ્રેમી** બની જાઓ, માનવ આપોઆપ બની જશો...!!

એક શિક્ષક પોતાના વર્ગના વિદ્યાર્થીઓ સાથે **વાર્તા-લાપ** કરી રહ્યા હતા. શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓની સમક્ષ એક **પ્રશ્ન** મૂકતા કહ્યું : ''આ બ્રહ્માંડમાં તમને જે કંઈ દેખાય છે એ બધું જ ભગવાનનું સર્જન છે એ સાચું કે ખોટું ?''

એક વિદ્યાર્થીએ ઊભા થઈને **જવાબ** આપ્યો : ''સાહેબ ! આપે કહ્યું તે બિલકુલ સાચું છે. સમગ્ર બ્રહ્માંડમાં જે કંઈ પણ અસ્તિત્વ છે તેનું સર્જન ભગવાને જ કર્યું છે.''

શિક્ષકે વિદ્યાર્થીને સામો પ્રશ્ન પૂછ્યો : ''બેટા ! તો પછી આ દુનિયામાં જે દુર્જનો અને શૈતાનો છે એ પણ ભગવાનની જ આ જગતને આપેલી ભેટ ગણવાની ને ?''

વિદ્યાર્થીએ કહ્યું : ''સાહેબ ! હું આ બાબતમાં જવાબ આપતા પહેલા આપને **બે પ્રશ્નો** પૂછી શકું ?''

શિક્ષક : ''ચોક્કસ, તારે જે પૂછવું હોય તે બિન્દાસ પૂછ.''

વિદ્યાર્થી : ''સાહેબ ! આ જગતમાં ઠંડીનું કોઈ અસ્તિત્વ છે ખરું ?''

શિક્ષક : ''હા, બેશક છે. કેમ તને ક્યારેય ઠંડીની અનુભૂતિ નથી થતી ?''

વિદ્યાર્થી : ''સાહેબ ! આપ મને માફ કરજો, પણ આપ આ બાબતમાં ખોટા છો ! ઠંડીનું કોઈ અસ્તિત્વ છે જ નહીં, માત્ર ગરમીની હાજરી નથી એટલે ઠંડી જેવું લાગે છે.''

શિક્ષક : ''યસ, બેટા ! તું સાચો છે.''

વિદ્યાર્થી : ''સાહેબ ! બીજો સવાલ એ છે કે, શું અંધારાનું અસ્તિત્વ છે ?''

શિક્ષક : ''હા, છે જ રોજ રાત્રે અંધારું હોય જ છે.''

વિદ્યાર્થી : ''સાહેબ ! આપનો જવાબ ફરીવાર ખોટો છે. અંધારા જેવું કંઈ છે નહીં, માત્ર પ્રકાશની હાજરી નથી. માટે આપણને અંધારું લાગે છે. સાહેબ ! આપણે પણ હંમેશા ગરમી અને પ્રકાશ વિષે જ ભણીએ છીએ, ઠંડી અને અંધારા વિષે ક્યારેય કોઈ ભણાવતું નથી. બસ, એવી જ રીતે આ દુનિયામાં **દુર્જન** અને **શૈતાનનું અસ્તિત્વ** છે જ નહીં, માત્ર પ્રેમ - કરુણા અને માનવતાથી હર્યાભર્યા **સજ્જનોની ગેરહાજરી** છે.''

શિક્ષકની સાથે દલીલ કરનારો આ વિદ્યાર્થી **આલ્બર્ટ આઈન્સ્ટાઈન** હતો. આ જગતમાં જે કંઈ પાપાચાર કે અનાચાર જોવા મળી રહ્યો છે તે માત્ર સજ્જનતાના અભાવને કારણે છે. આપણું બધાનું મૂળરૂપ તો નિર્મળ અને આનંદમય બ્રહ્મ જ છે...!!

પશુ પોતાના બચ્ચાને જન્મ આપે, પછી એના પ્રત્યે ખૂબ વ્હાલ બતાવે. તેની આજુબાજુમાં કોઈ અજાણ્યા વ્યક્તિ કે વસ્તુને ફરકવા પણ ન દે. એને ચાટે, પંપાળે, ધવડાવે. પરંતુ બચ્ચું ધીરે-ધીરે જેમ જેમ મોટું થાય તેમ તેમ સ્નેહ ઓછો થતો જાય. પુખ્તવય સુધી પહોંચે એટલે પછી તેની સાથે કોઈ લેણા-દેણી નહિ...!! પછી એની સાથે લડે-ઝઘડે, એનો ખોરાક પોતે ખાઈ જાય. ખોરાક પોતાને એકલાને જ મળે એટલા માટે તેને દૂર સુધી ખદેડી મૂકે...!!

આજની માનવતા **ચરોતરના વાંદરા** જેવી છે. જ્યારે ચરોતરમાં ઉનાળાની ઋતુ આવે ત્યારે ત્યાંના વાંદરા લોકોના ઘર ઉપર કુદાકુદ કરતા હોય છે. તેમાં તેને ઘરની છત પતરાની હોય છે માટે ઉનાળામાં તે પણ તપી હોય ને જ્યારે વાંદરો તેની ઉપર બેસવા આવે ત્યારે તે છત ગરમ લાગે તેથી પોતાની જ કુખે જણેલું માંકડું તેને છાતીએથી ઉખેડી પતરા ઉપર મૂકી તેની ઉપર બેસી જાય છે. પેલું માંકડું તો બિચારું રાડો પાડી પાડી, રડી રડીને અધમુવું થઈ જાય તોપણ તે વાંદરાને કશી ગણતીમાં જ ન આવે.

આ બધી ઘટનામાં અફસોસ કરવા જેવું નથી. કારણ કે, એ તો **સ્વાભાવિક** છે. પાડો - પાડા સાથે લડે તો તેમાં બીજી ભેંસોને દુઃખ ન લગાડવાનું હોય, સાંઢ - સાંઢ લડે તો તેમાં ગાયોને ઓછું ન લગાડવાનું હોય. અલબત, દુઃખ કે ઓછું લાગે જ નહિ. કારણ કે, 'it's a natural' યાર !

પરંતુ કોઈ માણસ પોતાના **છીછરા વિચારો**થી કોઈ માણસ સાથે લડે છે, ઝઘડે છે ત્યારે તેના સ્વજનોને, તેના કુટુંબ-પરિવારને, સમાજને મોટો ખરખરો થાય છે. એને કહેવાનું મન થાય કે, જ્યારથી સૃષ્ટિનું સર્જન થયું ત્યારથી અત્યાર સુધીમાં કોઈપણ પશુએ ક્યારેય પણ પોતાની **પશુતા** છોડીને કાંઈક નવું બનવાની **કોશિશ** ભૂલથી પણ નથી કરી. તો તું શા માટે તારી માનવતા છોડીને કંઈક નવો થવા મથે છે ? અર્થાત્ શા માટે પશુ થવા મથે છે ? તું જે છે એ સહજ રે'ને ?

આ સૃષ્ટિમાં જો કોઈ વસ્તુ કાયમી હોય તો તે **પરિવર્તન** છે. દરેક ચીજ સતત પરિવર્તનશીલ છે અને એ પરિવર્તન અનિયમિત લાગે તેવું નિયમિત રીતે થતું હોય છે. જાણી પણ ન શકાય કે કલ્પી પણ ન શકાય એવા વિરાટ વિશ્વમાં ક્યાંય અવ્યવસ્થા નથી. કોઈ વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા, ઓર્ડર કે નિયમથી તે ચાલ્યા કરે છે.

દરેક ચીજ અને દરેક જીવમાં પરિવર્તન થયા કરે છે. પરંતુ કેટલાક નાનકડા જીવો અને વનસ્પતિમાં એની ક્રિયા ધીમી અને ખાસ ચોકઠામાં બંધાયેલી હોય છે. મોટા પ્રાણીઓ પણ કુદરતના નિયમોના ખાસ ચોકઠામાં બંધાયેલા દેખાય છે. માત્ર મનુષ્ય આ પરિવર્તનની ક્રિયામાં કેટલાક અંશે પોતાની રીતે ભાગ લઈ શકે છે.

આનો **અર્થ** એ નથી કે, મનુષ્ય બધી બાબતમાં પોતાની ઈચ્છા પ્રમાણે કરવા માટે સંપૂર્ણ **સ્વતંત્ર** છે. પરંતુ માત્ર બીજા બધા જીવો કરતા તે થોડોક વધારે સ્વતંત્ર છે. અને એની આ

થોડીક સ્વતંત્રતાએ એને આખીયે જીવસૃષ્ટિમાં **ટોચનું સ્થાન** આપ્યું છે. પાંચ-સાત ફૂટના માનવીને એમણે વિરાટ બનાવી દીધો છે...!!

વૃક્ષો પોતાની ઈચ્છા પ્રમાણે વધી શકતા નથી. પક્ષીઓ પોતાની ઈચ્છા પ્રમાણે પોતાનું રહેઠાણ પણ નક્કી કરી શકતા નથી. પ્રાણીઓ પણ પરમાત્મા સામે લાચાર છે. માછલીને દરિયો છોડીને ધરતી પર રહેવું હોય તો તે રહી શકતી નથી. કારણ કે, તેના શરીરની રચના જ એવી છે કે એવો પ્રયત્ન તેના માટે મૃત્યુને આમંત્રણ આપે છે. ઝાડની ટોચે રહેતા પક્ષીઓ ઝાડના થડની બખોલમાં પોતાનો માળો બનાવી શકતા નથી કે બરફમાં વસતા સીલ પ્રાણીઓ વિષુવવૃત પર જઈને વસી શકતા નથી.

મનુષ્યના **શરીર**ની **રચના** એવી અદ્‌ભુત છે કે તે ભારે ઠંડીમાં કે સખત ગરમીમાં પણ રહી શકે છે. અને તેની બુદ્ધિ એટલી વિકસિત છે કે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેના સાધનો તે શોધી શકે છે. શરીર અને મનની અદ્‌ભુત કરામતને કારણે મનુષ્ય કુદરતી પરિવર્તન સાથે તાલ મિલાવી શકે છે, એટલું જ નહિ પરંતુ અમુક અંશે પોતાનું મનગમતું પરિવર્તન સર્જી પણ શકે છે.

આ પરિવર્તનમાં સૌથી અગત્યનો ભાગ તેનું **મન** ભજવી શકે છે. મનુષ્યનું મન એટલું અજબ અને શક્તિશાળી છે અને તેના **વિચારોની શક્તિ** એટલી પ્રબળ છે કે પોતાને અનુકૂળ પરિવર્તન તે સર્જી શકે છે.

ફારસી સાહિત્યમાં ઈરાનના એક **રાજકુમાર**ની **પ્રખ્યાત કથા** છે. રાજકુમાર વિકલાંગ હતો. તેના શરીરના અંગો અવિકસિત હતા અને ખૂંધ નીકળેલી હતી. તેના શરીરને સૌષ્ઠવયુક્ત બનાવવા માટે એક ડાહ્યા પુરુષે રાજાને સલાહ આપી કે, રાજકુમારના મહેલમાં તેની એક એવી મૂર્તિ મૂકવામાં આવે કે જેમાં તેનું શરીર સુંદર અને સૌષ્ઠવયુક્ત હોય. રાત-દિવસ રાજકુમાર એ સૌષ્ઠવયુક્ત મૂર્તિના સંસર્ગમાં જ રહે. તેની છાપ જ તેના મનમાં અંકિત થતી રહે, તેના જ વિચારો તેના મનમાં ઘોળાતા રહે અને એને આદર્શ માનીને રાજકુમાર શારીરિક વ્યાયામ કરતો રહે તો તેના શરીરમાં ચોક્કસ ફેર પડી શકે.

એ પ્રયોગની **જાદુઈ અસર** રાજકુમાર પર થઈ. તેની ખૂંધ ધીમે ધીમે ચાલી ગઈ. તેના અંગો વિકસવા લાગ્યા અને સમય જતાં તે પેલી મૂર્તિ જેવો જ સુંદર રાજકુમાર બની ગયો.

પરમાત્મા દ્વારા પરિવર્તનની ક્રિયા તો સતત ચાલુ જ રહે છે. તમે જો તમારી ઈચ્છા પ્રમાણેનું પરિવર્તન ન કરો તો, બીજી રીતે પણ પરિવર્તન તો થવાનું જ છે. તમે જેવા હો તેવા સ્થિર તો રહી શકવાના જ નથી. એટલે પરમાત્માની સાથે રહીને માત્ર પોતાને જ નહીં પણ બધાને ગમે એવું પરિવર્તન કરવું એ એક જ **સારો માર્ગ** તમારી પાસે ખુલ્લો રહે છે.

આ વાતને ઊંડાણપૂર્વક જો બુદ્ધિની ઊંચી અણી ઉપર લાવીને જો મનન કરીએ તો સિકંદરના જીવનના **અંતિમ શબ્દો** રાત્રે જેમ ગગનમંડળમાં તારા જેમ ઝળહળે તેમ તેના શબ્દો ઝળહળે : ''મેં મારી આખી જિંદગી ધન-સંપત્તિ-રાજ્ય મેળવવા માટે વેડફી નાખી. કેટલાયને ફક્ત પહેરેલ કપડે જ રહેવા દીધા હતા ત્યાં સુધી લૂંટી લીધા. હું ખૂબજ ધનવાન થયો, ખૂબજ અમીર થયો, મેં ખૂબજ મોટું રાજ્ય કર્યું પણ એ બધું ભેગું કર્યું, પરંતુ એ હરામી સંપત્તિએ મને મારી 'મા'ના અંતસમયે દર્શન ન કરાવ્યા.''

પરંતુ માણસની એક એવી ખોફનાક **વિચિત્રતા** છે કે તે આખા બ્રહ્માંડને પોતાની ગમતી રીતે બદલવા ઈચ્છે છે. પણ પોતાની જાતને બદલવા તરફ તેની દૃષ્ટિ જ નથી. અરે ! કદાચ પોતાને સુધારવા તરફ દૃષ્ટિ ન હોય તેમાં પણ બીજા લોકોને કંઈ બહુ વધુ નુકસાન નથી. પરંતુ 'હું જે વિચારું છું તે જ સાચું છે, તે જ બરાબર છે.' તે વાત દુનિયાને ખૂબ મોટું નુકસાન કરી જાય છે. **'પોતાનો જ કક્કો સાચો'** એ સાબિત કરવા માણસ ગમે તે હદે **શાસ્ત્ર વિરુદ્ધ** કામ કર્યાના ઘણા બધા **દાખલાઓ** જોવા મળે છે.



માણસની એક એવી ખોફનાક **વિચિત્રતા** છે કે તે આખા બ્રહ્માંડને પોતાની ગમતી રીતે બદલવા ઈચ્છે છે. પણ પોતાની જાતને બદલવા તરફ તેની દૃષ્ટિ જ નથી.



કુશળ સેનાપતિ યુદ્ધમાં આંધળુકિયા કરીને ઝંપલાવતો નથી. તે પોતાના લશ્કરનો અને પોતાની શક્તિનો **સાચો ખ્યાલ** મેળવે છે. સામે આવી રહેલા શત્રુના સૈન્યનો અને સંજોગોનો સાચો **અંદાજ** લગાવે છે અને પછી જ આગળ વધવું કે પીછેહઠ કરવી તેનો તે **નિર્ણય** કરે છે.

**એક વાત** બહુ સમજ્યા જેવી છે કે, પીછેહઠ એ હાર નથી. પીછેહઠ કર્યા પછી બીજા અનુકૂળ માર્ગે હુમલો કરીને યુદ્ધ જીતી લેવું તે જેમ સાચી

રણનીતિ છે તેમ પોતાના ખોટા વિચારોને જબરજસ્તી બીજા ઉપર લાદીને તેના હૃદયમાંથી કાયમ માટે મટી જવું એના કરતા તે વિચારોથી પીછેહઠ કરીને બીજા ઉમદા વિચારથી બીજાઓના હૃદય જીતી લેવા એ જ સાચી **જીવનનીતિ** છે.

આવો ! આવી જ જીવનનીતિથી જેમનું જીવન **આબેહૂબ** ભરેલું હતું તેવા મહાકવિ **સૂર્યકાંત ત્રિપાઠી** (નિરાલા)ના જીવનમાં બનેલા એક માનવતાના **પ્રસંગ**ને જોઈએ.

મહાકવિ સૂર્યકાંત ત્રિપાઠી **'નિરાલા'** એમના અંતિમ દિવસો ખૂબ ગરીબીમાં પસાર કરી રહ્યા હતા. ખિસ્સામાં પૈસા નહોતા અને ઘરમાં અનાજ નહીં. દારાગંજના લીડર પ્રેસ પાસેથી એમને થોડા રૂપિયા લેવાના હતા. એક દિવસે એ ત્યાં પહોંચી ગયા. પ્રેસવાળાએ એમને એમની છેલ્લી રોયલ્ટીના તમામ રૂપિયા એટલે કે **૧૦૪ રૂપિયા** ચૂકવી દીધા. આ ૧૦૪ રૂપિયા એમની છેલ્લી **જીવનમૂડી** હતી. એનાથી જેટલા દિવસ પેટ ભરાય એટલું ખરું. પછી તો પરમાત્મા જાણે. દાંત આપ્યા છે તો ચાવવાનું પણ આપશે એવો **પોઝિટિવ વિચાર** કરી એ ઊપડ્યા.

પ્રેસમાંથી રૂપિયા લઈ તેઓ પોતાની બહેન મહાદેવીના ઘર તરફ જઈ રહ્યા હતા. એ ચાલ્યા જતા હતા ત્યાં જ રસ્તામાં એક ડોશીએ એમને અવાજ કર્યો : ''ભાઈ ! કંઈક આપો.''

નિરાલાજીએ અવાજની દિશામાં જોયું એક **કૃશકાય ડોશી** હાથમાં કટોરો લઈને ઊભી હતી. એ નજીક આવી અને કટોરો નિરાલાજી સામે ધરતા બોલી : ''ભાઈ સાહેબ ! પાંચ દિવસથી પેટમાં અનાજનો એક દાણો પણ ગયો નથી. મહેરબાની કરીને કાંઈક આપો.''



**મહાનતા** હૃદયની વિશાળતામાંથી આવે છે, ભૌતિક સંપન્નતાથી નથી આવતી. પૈસા હોય કે ના હોય તમારા હૃદયમાં ભાવ હોય તો તમે **મહાન કાર્યો** અવશ્ય કરી શકો છો.



ભૂખ્યા તો નિરાલાજી પણ હતા. પરંતુ ડોશીનો **આર્તનાદ** સાંભળી એમની ભૂખ ઊડી ગઈ. એમણે ડોશીને કહ્યું : ''માડી ! કંઈ કામ થઈ શકે તેમ નથી ? ભીખ શા માટે માંગો છો ?''

''બેટા ! છોકરાઓએ ત્યજી દીધી છે, ભીખ ના માંગું તો બીજું શું કરું ?''

''સારું, કહો કે હું પાંચ રૂપિયા આપું તો કેટલા દિવસ ભીખ નહીં માંગો ?''

''કાલ સુધી.''

''અને વીસ રૂપિયા આપું તો ?''

''ચાર દિવસ સુધી !'' ડોશીએ જવાબ આપ્યો.

નિરાલાજી થોડીવાર વિચારમાં પડી ગયા. પછી એમણે કહ્યું : ''માજી ! હું તમને વધારે પૈસા આપું તો તમે ભીખ માંગવાનું છોડીને કામ કરવા માંડશો ?''

''હા, બેટા ! જરૂર કરીશ. પણ એકવાર મારું પેટ ભરાવા દે. ભૂખે મારો જીવ જાય છે.''

નિરાલાજીએ ખિસ્સામાં હાથ નાંખ્યો. એમની છેલ્લી જીવનમૂડી સમાન ૧૦૪ રૂપિયા પડ્યા હતા. જરાય ખચકાટ કે સંકોચ વિના નિરાલાજીએ એ ૧૦૪ રૂપિયા એ ડોશીને આપી દીધા. ''લો, માજી ! આ ૧૦૪ રૂપિયા છે. તમારે ઘણા દિવસો સુધી ચાલશે. પણ મને વચન આપો કે હવે પછી ભીખ નહીં માંગું !''

માજીએ નિરાલાજીને વચન આપ્યું. નિરાલાજીએ હસતે મુખે એમની જીવનમૂડી માજીના હાથમાં મૂકી દીધી અને ચાલતા થયા. એમના ખિસ્સામાં એક રૂપિયો પણ નહોતો. ત્યાંથી ઘર સુધીની મજલ એમણે **પગપાળા** જ પાર કરી પણ એમને સંતોષ હતો. એમને ખબર પણ નહોતી કે એમણે **મહાન કાર્ય** કર્યું હતું. અને એમને મહાન બનવું પણ નહોતું.

આ પ્રસંગનું **તાત્પર્ય** એટલું જ છે કે **મહાનતા** હૃદયની વિશાળતામાંથી આવે છે, ભૌતિક સંપન્નતાથી નથી આવતી. પૈસા હોય કે ના હોય તમારા હૃદયમાં ભાવ હોય તો તમે **મહાન કાર્યો** અવશ્ય કરી શકો છો.

પરંતુ આ બધુ માત્ર ને માત્ર **માનવ** જ કરી શકે છે. બાકી કૂતરા કે પાડા 'પોતાના કક્કા જ સાચા' રાખે છે એ આપણે બધાએ અનુભવ્યું હોય છે. કૂતરો કોઈપણ સંજોગોમાં પોતાના વિસ્તારમાં બીજા વિસ્તારના કૂતરાને ઘૂસવા નથી દેતો. તેમ બીજા કૂતરાના વિસ્તારમાં જવાની બહુધા હિંમત પણ નથી કરતો.

અરે ! **કૂતરો પણ** કેટલી બધી વફાદારી બજાવતા પોતાના માલિકને સંપૂર્ણ સમર્પિત થઈ જતો હોય છે. તેનું એક **સત્ય ઘટનાત્મક** ને **હૃદય**ને પણ ખરેખર હૃદયથી તે કૂતરાને શાબાશી આપી દેવાનું મન થાય. અને હા, જેમાં માનવની માનવતાનું જ નહીં પણ, પશુની પોતાની **માનવતાનું આભલું** પણ જોઈએ.

છત્રપતિ **શિવાજી મહારાજ** પાસે એક કૂતરો હતો. એનું નામ હતું **વાઘ્યા.** શિવાજીનો અત્યંત વફાદાર અને વિશ્વાસુ. શિવાજી મહારાજ મહેલમાં હાજર હોય ત્યારે એક પણ વાર એવું ન

બને કે એમના જમ્યા સિવાય વાઘ્યા જમ્યો હોય. ઘણીવાર શિવાજી એને યુદ્ધમાં પણ સાથે લઈ જતા. બંને એકબીજાને ખૂબ પ્રેમ કરતાં. કેટલાંયે યુદ્ધોમાં વાઘ્યાએ વફાદારીનું શાનદાર પ્રદર્શન કર્યું હતું.

વાઘ્યા એટલે જાણે વફાદારી અને પ્રેમની મૂર્તિ જ જોઈ લો. બધું જ સુખરૂપ ચાલી રહ્યું હતું. એવામાં એક દિવસ તે શિવાજી મહારાજની પથારી પાસે બેસી ગયો. શિવાજી મહારાજ સખત તાવમાં હતા. કશું જમી નહોતા શકતા, તો વાઘ્યાએ પણ જમવાનું બંધ કરી દીધું.

દિવસો પર દિવસો વીતતા જતા હતા, **દસ દિવસ** વીતી ગયા હતા. અનેક વૈદ્યો અને હકીમો આવી ગયા પણ કોઈએ શિવાજીને બેઠા ન કરી શક્યા. એમનો તાવ ન ઊતર્યો. એમણે જમવાનું બંધ જ કરી દીધું હતું. એમની સાથે સાથે વાઘ્યાએ પણ **જમવાનું બંધ** કરી દીધું હતું. એ દસ દિવસથી એક પણ દાણો મોંમાં નાખ્યા વિના શિવાજીની પથારી પાસે બેઠો હતો. શિવાજીના મંત્રીઓ, મિત્રો અને બીજા અનેક લોકોએ વાઘ્યાને ઘણો સમજાવ્યો પણ એ ન જમ્યો તે ન જ જમ્યો.

આખાયે નગરમાં વાઘ્યાની ચર્ચા ચાલી રહી હતી. આવો **વફાદાર કૂતરો** કોઈએ આજ પહેલા ક્યારેય જોયો નહોતો. પણ લોકોને ક્યાં ખબર હતી કે વફાદારીની **ચરમસીમા** તો હજુ બાકી હતી.

શિવાજી મહારાજ જેટલા દિવસ ભૂખ્યા પેટે રહ્યા એટલા દિવસ વાઘ્યાએ પણ ના ખાધું. એ પણ ભૂખ્યો જ રહ્યો અને રડ્યા કર્યો.

આખરે શિવાજી સ્વર્ગે સિધાવ્યા. આખા નગરમાં હાહાકાર મચી ગયો. એમની સ્મશાનયાત્રા કાઢવામાં આવી. હજારો લોકો એ યાત્રામાં જોડાયા. મહાયોદ્ધાને અશ્રુભીની વિદાય આપવામાં આવી. લોકોની આંખોમાં આંસુ નહોતા રોકાતા.

વાઘ્યાની હાલત સૌથી ખરાબ હતી. એ પણ રડી રડીને બેભાન જેવો થઈ ગયો હતો.

શિવાજી મહારાજના પંચભૌતિક દેહને સ્મશાનમાં લાવવામાં આવ્યો. વાઘ્યા શિવાજીને ભેટવા માટે તડપી રહ્યો હતો. એ કોઈના હાથમાં નહોતો રહેતો. સૈનિકોએ એને માંડ માંડ પકડી રાખ્યો અને શિવાજીના દેહને અગ્નિ ચાંપવામાં આવ્યો.

ભીડમાંથી આક્રંદ ઊઠ્યું. સૈનિકો પણ રડી ઊઠ્યા. જે સૈનિકના હાથમાં વાઘ્યા હતો એમણે થોડીવાર માટે એને નીચે મૂક્યો. બસ એટલી જ વાર, જેવો વાઘ્યાને નીચે મૂક્યો કે તરત એ ચિતા તરફ દોડ્યો. અને લોકો હજુ કંઈ વિચારે એ પહેલાં જ એ શિવાજી મહારાજની ભડભડતી ચિતામાં કૂદી પડ્યો.

શિવાજી સાથે એ પણ હોમાઈ ગયો. હાજર લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો. આક્રંદ ગગનભેદી બન્યું. એક કૂતરાને માલિક પ્રત્યેનો આટલો બધો પ્રેમ, આટલી બધી વફાદારી જોઈ લોકો **દિગ્મૂઢ** બની ગયા.



જીવનના કોઈ પણ ક્ષેત્રમાં **વિજય** પ્રાપ્ત કરવા માત્ર વીરતા કે કૌશલ્ય જ પૂરતાં નથી. સાચો વિજય તો **નીતિયુક્ત વીરતા** અને **કૌશલ્ય**થી જ પ્રાપ્ત થાય છે.



માનવ તો એટલો બધો શક્તિશાળી પણ છે કે, તે પોતાના મનોવિસ્તારમાં બધાને સમાવી શકે અને બધાના મનોવિસ્તારમાં પોતે સમાઈ શકે છે : 'सा भिन्नता पशुमानवयोः ।'

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં **વિજય** પ્રાપ્ત કરવા માત્ર વીરતા કે કૌશલ્ય જ પૂરતાં નથી. સાચો વિજય તો **નીતિયુક્ત વીરતા** અને **કૌશલ્યથી** જ પ્રાપ્ત થાય છે.

જગતના વ્યવહારો ધનથી ચાલે છે. **જીવનનિર્વાહ માટે પણ** ધન જરૂરી છે. ધન વિના કોઈને ચાલતું નથી. એટલે ધન ઉપાર્જન કરવું એ ગૃહસ્થની ફરજ બની રહે છે. ત્યાગાશ્રમીઓની બધી જ જરૂરિયાતો ગૃહસ્થો પૂરી પાડતા હોવાથી ત્યાગીઓએ દ્રવ્ય સંગ્રહ ન કરવો એવી **શાસ્ત્ર આજ્ઞા** છે.

ગૃહસ્થોને પણ **ધન ઉપાર્જન** કરવામાં ખૂબજ **સાવધાની** રાખવી જરૂરી છે. કારણ કે, જેના ઘરમાં અનીતિનું ધન આવે છે તેના પરિવારમાંથી સુખ-શાંતિ હંમેશને માટે ચાલ્યા જાય છે.

શ્રી રવિશંકર મહારાજે બહુ સરસ **વાત** કરી છે. તેઓ કહે છે : ''આપણે બજારમાં ઘી કે તેલ લેવા જઈએ છીએ ત્યારે લેતા પહેલા સુંઘીએ છીએ, તપાસીએ છીએ. કેરી કે અગરબતીની સોડમ લઈએ છીએ. માટલા લેવા જઈએ તો ટકોરા મારી ખરીદીએ છીએ. પણ આપણે આપણા ઘરમાં જે કંઈ લક્ષ્મી આવે તેને નથી સુંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરા મારતા..!! એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તોય કશો વાંધો નહિ.''

અહીં જ આપણે ગોથું ખાઈ જઈએ છીએ. નીતિ,

પ્રામાણિકતા અને ધર્મની લોકો હાંસી ઉડાવે છે, લોકો વેદિયા ગણે છે અને એ કારણે આપણેય અનીતિ આચરવા લાગીએ છીએ. એવી **મનોવૃત્તિ** ખોટી છે.

અત્યારે વ્યવહારના નાના-મોટા બધા જ ક્ષેત્રમાં લાંચ-રુશ્વત, કૂડ-કપટ અને અનીતિ પેસી ગઈ છે. નીતિનાં તો જવલ્લે જ દર્શન થાય છે. મોટા ભાગના લોકોની તો **માન્યતા** બંધાઈ ગઈ છે કે અનીતિ કર્યા વિના તો આ જમાનામાં જીવવું જ મુશ્કેલ છે, પરંતુ એવા લોકોને ખ્યાલ નથી કે આ જમાનાના લોકોમાં દિવસે-દિવસે અશાંતિ, માનસિક તણાવ, હતાશા, ખાલીપો વગેરે વધતા જાય છે તેનું કારણ અનીતિનો પૈસો છે. નીતિથી ધન કમાનારા, સંતોનો સંગ રાખનારા અને ભગવાનમાં વિશ્વાસ રાખનારા લોકો ક્યારેય માનસિક તણાવના ભોગ બનતા નથી. પરંતુ તેમના હાથ અને હૈયું સાફ હોય છે એટલે વિટંબણાઓ તેમને મૂંઝવી શકતી નથી.



જે નોકરિયાતો નિષ્ઠાથી નોકરી નથી કરતા ને પૂરો પગાર મેળવે છે. જે વેપારીઓ ભેળસેળ અને કાળાબજાર કરીને પૈસા બનાવે છે, જે અધિકારીઓ લાંચ-રુશ્વતથી ધન મેળવે છે તથા એ સિવાય કોઈપણ ધંધાદારીઓ પોતાના ગ્રાહકને છેતરીને રૂપિયા કમાય છે તે ધન **અનીતિનું ધન** ગણાય, એ **પાપનો પૈસો** ગણાય.

આજના માનવીએ પંખીની માફક ઊડતા શીખી લીધું છે અને માછલીની માફક તરતા પણ ! હવે તેને માત્ર શીખવાનું છે **માનવીની જેમ** જીવતા...!!



આવો અનીતિનો પૈસો કોઈ દિવસ સુખ કે શાંતિ આપી શકતો નથી. અને આવા અનીતિના પૈસા પાછળ જે **ગાંડી દોટ** મૂકે છે તે કદાચ ગમે તેવો ભડકાદાર તિલક-ચાંદલો કરતો હોય તેમ છતાં તે ભક્ત તો નથી, પણ એ તો છે 'साक्षात्पशुः पुच्छविषाणहीनः ।' - અર્થાત્ શિંગડે ખાંડું અને પૂછડે બાંડુ ઢોર...!!! પણ એમાં થોડી વિશેષતા પણ છે. અને તે એ છે કે, તે ઘાસ નથી ખાતું પણ માત્ર કોઈનો પરસેવો જ પીએ છે...!! પછી એ ક્યારેય અંતરના સુખને અનુભવી શકે ખરું ?

અનીતિથી ધન મેળવનાર ઉપરથી ભલે સુખી દેખાય પણ અંતે તેને **દુઃખયાતના** અને મર્યા પછી **યમયાતના** ભોગવવી પડે છે. આપણે જોઈએ છીએ કે જેણે અનીતિથી ધન-સંપત્તિના ભંડારો ભર્યા હોય તે લોકો વાપરી શકતા નથી, અનાજના ભંડારો ભર્યા હોવા છતા જમી શકતા નથી. વૈભવો હોય છતાં ભોગવી શકતા નથી. અનેક રોગોથી તેઓ પીડાતા હોય છે. ઘણીવાર તો તેવા લોકોને મરવું હોય પણ મૃત્યુ નથી આવતું...!!!

કારણ કે, તેના મોઢે જીવનભર **એક જ શ્લોક** ગૂંજતો હોય છે : 'टंको धर्म ष्टंकः कर्म टंको हि परमं तपः । यस्य गृहे टंको नास्ति हा टंक ! टंकटंकायते ।।' - રૂપિયો જ ધર્મ છે, રૂપિયો જ કર્મ છે, રૂપિયો જ પરમતપ છે. જેના ઘરમાં રૂપિયા નથી તે, હા રૂપિયા...! હા રૂપિયા...! એમ બોલીને રૂપિયા માટે જ રોયા કરે છે. એને મન માનવની કોઈ કિંમત નથી રહેતી. એ ભૂલી જાય છે કે જીવન નિર્વાહ માટે **ધન** હોય છે, ધન સંગ્રહ માટે **જીવન** નહિ...!!! ધનસંગ્રહની એની તલપ એટલી બધી વધી જાય છે કે તે તેના માટે કંઈ પણ કરી શકે છે. હેવાનીયત પણ...!! પરિણામે માનવતાના ધજ્જીયા ઊડી જાય છે. અને માનવ જ માનવનો શત્રુ બની જાય છે...!!

**સાચી માનવતા :**

વૃક્ષો જમીનમાંથી પોષણ મેળવે છે, તેના **ખોરાકની ગતિ** ઉપર તરફ હોય છે. પ્રાણીઓના ખોરાકની ગતિ આડી હોય છે, જ્યારે માનવીના ખોરાકની ગતિ ઊંધી હોય છે-ઉપરથી નીચે તરફ !

કદાચ આ કારણથી જ માણસ **પ્રકૃતિના નિયમો**થી ઊંધો ચાલતો લાગે છે. સૌ સજીવો પ્રકૃતિને વશ થઈને જીવે છે, જ્યારે 'માણસ' પ્રકૃતિને અતિક્રમીને ચાલે છે, પરિણામે તેના સમાજમાં વ્યાપ વધ્યો છે - અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો, દવાખાનાં, પાગલખાનાનો...!!!

આજના માનવીએ પંખીની માફક ઊડતા શીખી લીધું છે અને માછલીની માફક તરતા પણ ! હવે તેને માત્ર શીખવાનું છે **માનવીની જેમ** જીવતા...!!

જેવું મકાન બનાવવું હોય એવો પ્લાન બનાવવો પડે. જેવું ફર્નિચર બનાવવું હોય તેવી રીતે લાકડાં કાપવા પડે. જેવી રીતે વસ્ત્ર બનાવવું હોય એવી રીતે તેને વેતરવું પડે. તેમ માનવીને **મંગલમય મૃત્યુ** જોઈતું હોય તો જીવન પણ **મંગલ રીતે** જીવવું પડે.

કોમળ સ્વભાવ, વિનય, કરુણા, નમ્રતા, મધુરવાણી, બીજાની વાત સાંભળવામાં રસ, ચહેરા ઉપર મધુર સ્મિત અને અંગે અંગમાં પ્રસ્તુત થતી પ્રસન્નતા... આ બધા એવા સદ્‌ગુણો છે, જે માનવીના જીવનને મધુરતાથી ભરી દે છે. આવા લોકો બધાનો **સ્નેહ સંપાદન** કરી લે છે.



ભગવાન શ્રી સ્વામિનારાયણના બધા સંતો ભણેલા નહોતા, પરંતુ તેઓનું **જીવન** એવું હતું કે લોકો તેઓની આકર્ષિત થઈને આવતા. તે સંતો ક્યારેય પોતાના સ્વાર્થની વાત નહોતા કરતા કે અન્યને ઉદ્વેગ થાય તેવી વાત પણ ક્યારેય કરતા નહિ. દંભ-ડોળ કે નહિ માન-સન્માનની ઘેલછા કે નહિ કોઈ વૈભવી ઠાઠમાઠ. સાદગીભર્યા તેમના જીવન હતા. તે સંતોએ ગુજરાતના નાનામાં નાના લોકોના હૃદય સુધી પહોંચી, તેમના આંતરજીવનનું પોતાના **વર્તન**થી પરિવર્તન કર્યું. કારણ કે, વાત કરતા વર્તનનો બુલંદ અવાજ હૃદયભેદી હોય છે. જે માનવ હૃદયના આંતર કલેવરનું **આમૂલ પરિવર્તન** કરે છે.

કોઈપણ માણસ ફક્ત પોતાના માટે જ જીવીને સુખી થઈ શકે નહિ. માટે જીવનને સાર્થક બનાવવા અન્યના **સુખ-દુઃખના સાથી** બનવું જોઈએ.



પોતાની ખામીઓ અને બીજાની ખૂબીઓ ખોળી શકે તેનું નામ **'મનુષ્ય.'** જે માણસ રાગ-દ્વેષ, માન-ઈર્ષ્યા અને વ્યસન-ફેશનથી દૂર રહી ધર્મ-મર્યાદામાં રહે છે અને સાંસારિક ફરજોનું વહન કરતા-કરતા પણ પોતાની દૃષ્ટિ સતત ભગવાન તરફ અને પરહિત કરવા તરફ રાખે છે તેમનું જીવન **ધન્ય** છે.

કેટલાક લોકોને કંઈ પણ ચૂકવ્યા વિના શક્ય એટલું વધારે મેળવી લેવાનો **ઈરાદો** હોય છે. તેમને ક્યારેય સાચું સુખ નથી મળતું. કારણ કે, માણસને અંતરનો ઊંડો આનંદ અને સંતોષ ત્યારે જ મળે છે જ્યારે તે **બીજાના સુખનો વિચાર** કરે છે અને બીજાઓ માટે જીવે છે. કોઈપણ માણસ ફક્ત પોતાના માટે જ જીવીને સુખી થઈ શકે નહિ. માટે જીવનને સાર્થક બનાવવા અન્યના **સુખ-દુઃખના સાથી** બનવું જોઈએ.

સન્ ૧૯૮૭માં ૭૪ વર્ષના પેડલ રિક્ષા ચલાવતા **ફાન્ગલી** નામના એક વૃદ્ધ. એની કમરતોડ મજૂરી છોડી નિવૃત જીવન જીવવા પોતાના ગામમાં આવ્યા. ખૂબ મજૂરી કરવાથી એ થાકી ગયા હતા અને બાકી જિંદગી આરામથી પસાર કરવા માંગતા હતા. આ માટે પોતે કરેલી **થોડી બચત** પૂરતી હતી.

પોતાના વતનમાં આવીને જોયું કે નાનાં-નાનાં બાળકો પણ ખેત-મજૂરી કરતા હતા. બાઈ ફાન્ગલીને આ જોઈ બહુ દુઃખ થયું કે આ બાળકોને પણ પોતાની જેમ જ હેરાન થઈને જીવન પસાર કરવું પડશે. એ બાળકોના વાલીઓ પાસે ગયા અને ભણવાની ઉંમરે બાળકો આવી મજૂરી કરે એ યોગ્ય નથી એ વાત સમજાવી. ત્યારે વાલીઓએ કહ્યું : ''અમારે તો અમારા સંતાનોને ભણાવવા જ છે પણ એ માટેની **ફી ભરવા માટે** અમે સક્ષમ નથી.''

ફાન્ગલી પોતાના ગામથી પોતે જ્યાં પેડલ રિક્ષા ચલાવતા હતા ત્યાં એટલે કે તિયાન્જીન પાછા આવ્યા અને ફરી પેડલ રિક્ષા ચલાવવા લાગ્યા. રેલ્વે સ્ટેશન નજીક ઝૂંપડું બનાવી ત્યાં રહેવા લાગ્યા. એ ચોવીસ કલાક યાત્રીઓની રાહ જોતા, સાદું ભોજન જમતા અને જૂના ઉતરેલા કપડાં પહેરતાં. તેણે તેની જીવન ભરની ખૂન-પસીનાની કમાણી પોતાના વતનના બાળકો પાછળ ખર્ચી નાખી કે જેઓ અપૂરતી આવકના કારણે ભણી શકતાં ન હતા.

સન્ ૨૦૦૧માં તેણે તિયાન્જીન **યાઓ હુઆ મીડલ સ્કુલ** તરફ તેની રિક્ષાની આખરી સફર ખેડી નાણાંની છેલ્લી **સોંપણી** કરી. લગભગ ૯૦ વર્ષની ઉંમરે માનવતાના આ મહાનાયકે શાળાના વિદ્યાર્થીઓને ભારે હૃદયે જણાવ્યું : ''હું હવે વધુ કામ કરી શકવા અસમર્થ છું.'' આ ફાન્ગલીના શબ્દોથી શાળાના દરેક વિદ્યાર્થીઓ અને શિક્ષકોની આંખમાં આંસુ ભરાઈ ગયા.

ફાન્ગલીએ ૩૦૦થી વધુ ગરીબ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ માટે **૩,૫૦,૦૦૦ યુઆન**ની **મદદ** કરી હતી.

સન્ ૨૦૦૫માં ફાન્ગલીએ આ દુનિયાને અલવિદા કરી ત્યારે તેના ચહેરા પર સ્મિત હતું અને બીજા અનેક ચહેરાઓ રડી રહ્યા હતા.

**'મળ્યો છે દેહ માનવનો જગતમાં ધૂપસળી થાજો,**
**સુંગધી અન્યને દેવા તમે જાતે જલી જાજો.**
**તમારી દેહ ઘંટીથી બીજાના દુઃખ દળી જાજો,**
**મળ્યો છે દેહ માનવનો જગતમાં ધૂપસળી થાજો. '**

એક પેડલ રિક્ષાનો અભણ ડ્રાઈવર ૩૦૦ જેટલા બાળકોને અભ્યાસ માટે પ્રેરિત કરી શકતો હોય તો આપણે તો લાઈ ફાન્ગલી કરતા વધુ સારી પરિસ્થિતિમાં જીવનારા છીએ. આ સમાજ કે રાષ્ટ્ર પ્રત્યે આપણી કોઈ **જવાબદારી** ખરી...?

શૈશવની સહજતા, યૌવનનું સાહસ અને વાર્ધક્યની સમજદારીથી મનુષ્યે પોતાના જીવનને શણગારવું જોઈએ. એવું જીવન જીવીએ કે મર્યા પછી અગ્નિસંસ્કાર કરનારા આપણા માટે **ચાર સારા શબ્દો** બોલી શકે ને **આંસુના બે ટીપાં** પાડી શકે.

**જીવન**ને ડુંગળી જેવું પણ બનાવી શકાય અને ગુલાબ

જેવું પણ બનાવી શકાય. ગુલાબની પ્રત્યેક પાંખડી ખોલતા તેમાંથી મહેક આપણને આનંદ આપી જાય છે. જ્યારે ડુંગળીના પડ ખોલીએ તો આંખોમાંથી પાણીની ધાર છૂટે છે. આપણને એકવાર મળનારાને ફરી ફરીને મળવાનું મન થાય તો માનવું કે આપણું જીવન **ગુલાબ જેવું** બન્યું છે.



વાણી એ માણસના અંતરનું **પ્રતિબિંબ** છે. પોતાના વિચારોની સૌથી સારી **અભિવ્યક્તિ** માણસ **પોતાની વાણી** દ્વારા જ કરી શકે છે.



ચોમાસાનો સમય હતો. ઝરમર-ઝરમર વરસાદ વરસતો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે જોયું કે **ગઢપુરની ભાગોળે** બે-ત્રણ સંન્યાસી યાત્રિકો રસોઈ બનાવવા માટે અગ્નિ પ્રગટાવવા મથી રહ્યા છે. પરંતુ ખુલ્લા આકાશમાં વરસાદ તથા પવનને કારણે અગ્નિ સળગતો ન હતો. સંન્યાસી યાત્રિકોની યાતના અને મુશ્કેલી જોઈ **દયાળુ** મહાપ્રભુ **શ્રીહરિ**નું દિલ દ્રવી ગયું. ગઢપુરના ગામધણી દરબાર દાદાખાચરને કહ્યું : ''દાદા ! એક-બે ઓરડા હોય તો આ યાત્રિકો માટે ધર્મશાળા કરીએ. બિચારા કેવા હેરાન થાય છે !!''

''હા, પ્રભુ ! ઓરડા તૈયાર જ છે.'' તુરંત દાદાખાચરે જવાબ આપ્યો.

''ક્યાં તૈયાર છે ?'' શ્રીજીમહારાજે **આશ્ચર્ય**થી પૂછ્યું.

''મહારાજ ! અમારા ઓરડા છે તેમાં યાત્રિકોની ધર્મશાળા કરીએ. હું સંતોની ધર્મશાળામાં સૂતો રહીશ અને પત્ની સાંખ્યયોગી સાથે.'' દાદાખાચરે સહજભાવે **જવાબ** આપ્યો.

માત્ર પોતાના સુખ માટે ફાંફા મારતા, અન્યનું પડાવી લેવાની હીનવૃત્તિ રાખતા, કપટી-પ્રપંચી મનુષ્ય કદી સુખી થઈ શકતા નથી.

**માનવ વાણી :**

પરમાત્માએ પૃથ્વી પર અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર સજીવ સૃષ્ટિ સર્જી. પરંતુ સાપથી લઈને અનેક પગવાળા કાનખજૂરા જેવા જીવોનું સર્જન કર્યું અને મનુષ્યને ઘડીને તો હાથ ધોઈ નાખ્યા. સર્વ સજીવોમાં માનવ **સર્વોત્તમ** મનાયો. કારણ, પરમાત્માએ તેને સર્વાધિક **બુદ્ધિ** અને **વાણી**નું દાન કર્યું. ...પણ માનવી બુદ્ધિ અને વાણીના **વરદાન**નો પોતાના **અંગત સ્વાર્થ** માટે જ **ઉપયોગ** કરતો રહ્યો, વિસંગતતા - વિસંવાદિતાનું કદાચ આ જ એકમાત્ર મુખ્ય કારણ હોય એવું નથી લાગતું...?

માણસના **ભારેખમ દેહ**માં જીભનું વજન કદાચ ૧૫૦-૨૦૦ ગ્રામ હશેને ! તેના પર સ્વાદ કેન્દ્રો આવેલા છે, તેમ તેનાથી ઉચ્ચારાતી **વાણી**ના પણ સ્વાદ હોય છે. કેટલાની વાણી મધુર તો કોઈની કડવી, કોઈની અષ્ટમ્-પષ્ટમ્ તૂરી તો કોઈની વાણી ખાટી, કોઈની તીખી તો કોઈની ખારી-ખોટી, કોઈની વાણીમાં મીઠાશ અનાયાસ હોય તો કોઈ કિંગ કોબ્રા પેઠે ફૂંફાડા જ મારે, જીભ યશના પુષ્પો અપાવે અપમાનનાં જોડા પણ અપાવે...!! પ્રિય અને સત્ય બોલનારી જીભ સિવાયની તમામ જીભોનું ઓપરેશન કરી નાખવામાં આવે તો સંવાદિતાનું સ્વર્ગ પૃથ્વી પર પલક માત્રમાં આવી જાય, પણ અફસોસ ! આપણે આપણી વાણી ઉપર **કાબુ** જ નથી રાખી શકતા. કારણ કે, આપણી અપેક્ષાઓ મોટી હોય છે ને સોડ નાની. પરિણામે ઘણીવખત હૈયાની વરાળ કંઠ સુધી પહોંચીને મુખ વાટે બહાર નીકળી જાય છે ને હલકી-ફૂલકી જીભને હલબલાવતી જાય છે અને ઉત્પત્તિ થાય છે માત્ર મનુષ્યમાં જ સંભવિત અમાનવીય વાણીની...!!

જીવનમાં જ્યારે જે કંઈ મળી આવે, તેને **પરમાત્માની પ્રસાદી** માની રાજીપાથી સ્વીકારી લે તેને **'ભક્ત'** જાણવો. જીવાતા જીવનમાં સારી-મીઠી પરિસ્થિતિઓ-ઘટનાઓને સમતોલ ભાવે તટસ્થતાપૂર્વક સહજ રીતે જે આવકારે છે તેને હૈયાની વરાળેય શું કરી લેવાની ? ને જે વાતવાતમાં વિચલિત થઈ જાય, વિવાદ છેડી દે ત્યાં ટેન્શનના ધામા કાયમના રહેવાના જ ! કેટલાક લોકો ચીડ ભરી વાણીથી ભારેખમપણાના જંતુ ફેલાવ્યા જ કરતા હોય છે, તેમનાથી દસ મીટરની દૂરી જાળવી રાખવી. જેથી કરીને અકસ્માત ન સર્જાય...!! અને હા, પરમાત્માને કાયમ **પ્રાર્થના** કરવી કે 'અમારું મન સદા અમારી વાણીમાં સ્થિર રહે, વાણી સદા અમારા મનમાં સ્થિર રહો અને મન આપના દિવ્ય સ્વરૂપમાં સ્થિર રહો.'

વાણી એ માણસના અંતરનું **પ્રતિબિંબ** છે. પોતાના વિચારોની સૌથી સારી **અભિવ્યક્તિ** માણસ **પોતાની વાણી** દ્વારા જ કરી શકે છે. એટલે જ માણસની પ્રગતિ કે અધોગતિનો મોટો આધાર વાણીમાં રહેલો છે. વ્યક્તિની વાણી જેટલી મીઠી અને વિવેકી હોય છે એટલી તેની પ્રગતિ ઝડપી બને છે. જેમની વાણી સત્ય, પ્રિય અને હિતકારી હોય છે તેમને બધાજ આદર આપે છે.

જીભ મારી પણ શકે છે અને તારી પણ શકે છે. જીવનને

શણગારી પણ શકે છે અને સળગાવી પણ શકે છે. આપણે **જીભનો ઉપયોગ** કેવી રીતે કરીએ છીએ તેના ઉપર આધાર છે. વાણીનું મૂલ્ય **અમૂલ્ય** છે, માટે તેનો ઉપયોગ જાળવી, જોખીને કરવો જોઈએ. જે મનફાવે તેમ વાણીને વેડફી નાખે છે તે જરૂર પસ્તાય છે.

**હંમેશા યાદ રાખવું જોઈએ કે** બોલેલો બોલ, ફેંકેલું તીર, ગુમાવેલી તક અને વિતાવેલો સમય ક્યારેય પાછા ફરતા નથી. વિચાર્યા વિના બોલી ગયા પછી આપણને સમજાય કે 'મારે એવું નહોતું બોલવું જોઈતું' તોપણ બોલાય ગયેલા તે શબ્દો પોતાનું કામ કર્યે જ રહે છે.

**'નથી બીજું કમાયા કે જીવનની એ કમાઈ છે, અમારે**
**મન જીવન મૂડી અમારી માણસાઈ છે.'**

પરમાત્માએ માનવને આપેલી **અણમોલ બક્ષિશ** એની વાચા છે. મંથરાના વાણી વિલાસે જ રામરાજ્ય અટકાવ્યું અને દ્રૌપદીના વાણી વિલાસે જ મહાભારતનું યુદ્ધ ખેલાયું. માનવની **માણસાઈ** એની વાણી પરથી જ પરખાય છે.

વિધાતાએ વાણીનું વરદાન લઈને આપણને વિમલ વિશ્વની વાટે મોકલ્યા છે. એક હાથમાં **જ્ઞાનનો મંગલદીપ** અને બીજા હાથમાં છે **સંસ્કારની ધૂપસળી.** આપણે એવું શું કરીએ કે વસુંધરાનો આ ફેરો **સાર્થક** થાય...?

કોઈ નિરાધારનો આધાર બનીએ, માનવબંધુને તેનું ગુમાવેલું સ્મિત પાછું આપીએ, નિરાશાના જીવનમાં આશાનો મંગલદીપ પ્રગટાવીએ. એક **કવિની પંક્તિ** છે : **'હસતાં હસતાં રે ગાવું, ક્ષિતિજે ડોકતા સૌને; આપી જવું મીઠપનું લ્હાણું.'**

દીન-દુઃખીની સેવા કરવા માટે તો માનવને ભગવાને જન્મ આપ્યો છે. મહર્ષિ **યાજ્ઞવલ્ક્ય**ને રાજર્ષિ જનકે પૂછ્યું : ''ઋષિવર ! માનવને **પ્રકાશ** કોણ આપે છે ?''

મહર્ષિ યાજ્ઞવલ્ક્યે જવાબ આપ્યો : ''સૂર્ય.''

''રાત્રે સૂર્ય ડૂબી જાય છે ત્યારે કોણ પ્રકાશ આપે છે ?''

''દીવો.''

''પરંતુ કોઈવાર દીવો ન હોય ત્યારે ?''

મહર્ષિએ **જવાબ** આપ્યો : ''ત્યારે પ્રકાશ આપે છે, વિચાર અને વાણી.''

સૃષ્ટિને આંગણે લહેરાતા સાગરના જલતરંગો ઊછળે છે, કિનારે વૃક્ષો ડોલે છે, પંખીગણ કલરવથી આકાશને અભરે ભરી દે છે. આવા જ વિચારો અને તરંગો પ્રત્યેક **માનવના મહેરામણ**માં ઊછળે છે, તે ઝંખે છે અભિવ્યક્તિ. આવી **અભિવ્યક્તિ** જેની પાસે આવે છે તેને માટે વસુંધરા પોતાનો ધનવૈભવ ખુલ્લો મૂકે છે. આપ પણ આવો : **'આંખોમાં માનવસેવાનું અંજન લઈને, અંતરમાં પરમાત્માનું વંદન લઈને, સ્વભાવમાં સંસ્કારનું ચંદન લઈને...'**

સ્વયં શીતળ બનો અને અન્યને શાતા પ્રદાન કરો. શબ્દોને હૈયાની લાગણીના કુંડમાં ઝબોળીને ચાલો... ચાલો, જીવનને બનાવીએ મધુવન. ચોરાશી લાખ યોનિમાં ભટક્યા પછી મળેલો માનવદેહ આપણે સાર્થક કરીએ. કોઈએ કહ્યું છે કે : **'બધાને એક સરખા જીવન નથી મળતાં, કફન મળે છે કોઈને ફકન નથી મળતાં; મળ્યો છે માનવી કિન્તુ ન જોઈ માનવતા, મળે છે પથ્થરો ઝાઝાં રતન નથી મળતાં.'**

પરંતુ ભારત તો માનવતાની **જન્મભૂમિ** છે. એ વાત અલગ છે કે આપણે આપણી **સંસ્કૃતિ** ભૂલ્યા છીએ. પણ સંસ્કૃતિ હજુ વેંચી નથી નાખી. હજુ આપણા ઘરના કોઈ ખૂણામાં પુસ્તકરૂપે કે દેશના કોઈ ખૂણામાં મહાપુરુષો રૂપે આપણી સંસ્કૃતિ **જીવંત** છે. તો આવો આપણે પુસ્તકો પરની ધૂળ ખંખેરીએ, મહાપુરુષો-સજ્જનપુરુષો તરફ જતી વાટોને ફરીથી સમારીએ અને આપણા ઈતિહાસના પાનાઓમાં લખાયેલી માનવતાને **આત્મસાત** કરીએ. હવે ઈતિહાસ માત્ર વાંચીએ જ નહિ, માત્ર સાંભળીએ જ નહિ, પરંતુ **માનવતાના ઈતિહાસો** પણ બનાવીએ...!!!

### માનવ નડે છે માનવીને :

ગામડાની એક નાની બજારમાં **લુહાર** અને **સોની**ની દુકાનો સામસામે આવેલી હતી. એકવખત લુહાર મોટો ઘણ લઈને ટીપી રહ્યો હતો. ઘણ સહેજ બાજુમાં વાગ્યો એટલે લોખંડનો એક નાનો ટુકડો ઊડીને બહાર ગયો અને બરાબર સામે આવેલી સોનીની દુકાનમાં પડ્યો. સોનીની દુકાનમાં રહેલા સોનાના ટુકડાએ જોયું કે આજે **લોખંડનો ટુકડો** એમને ત્યાં આવ્યો છે એટલે એણે લોખંડના ટુકડાનું સ્વાગત કર્યું.

સોનાના ટુકડાએ લોખંડના ટુકડાને ફરિયાદ કરતા કહ્યું : ''મિત્ર ! તમારા કરતા અમારું મૂલ્ય અનેકગણું વધારે છે અને આમ છતાં અમે હંમેશા શાંત રહીએ છીએ, બહુ જ અવાજ કરતા નથી. (સોની જ્યારે સોનુ ઘડતો હોય ત્યારે કોઈ અવાજ ન થાય અને થાય તોપણ બહુ જ ધીમો.) અને તમે તો રાડા-રાડી કરતા હો છો. (લુહાર જ્યારે લોખંડને ટીપતા હોય ત્યારે બહુ જ અવાજ થાય અને અવાજ દૂર-દૂર સુધી સંભળાય.) ખોટો અવાજ ન કરતા હો તો ?''

સોનાના ટુકડાને જવાબ આપતા લોખંડનો ટુકડો બોલ્યો : ''ભાઈ ! તું **સોનું** છે પણ તને ટીપનાર હથોડી લોખંડની બનેલી હોય છે અને ઘા પણ બહુજ ધીમા-ધીમા મારે છે. જ્યારે હું લોખંડ છું અને મને ટીપનાર હથોડો પણ લોખંડનો છે ને ઘા પણ એવા મારે છે કે સહન નથી થતાં ?''

આંખમાં આંસુ સાથે પોતાની પીડા વર્ણવતા લોખંડના ટુકડાએ કહ્યું : ''ભાઈ ! તને તો પારકા **ઘા** મારે છે પણ અમને તો અમારા જ ઘા મારે છે. પારકા જે પીડા આપે એ તો સહન

થાય. કારણ કે, પારકાના ઘાથી માત્ર શરીર જ ટીપાય પણ પોતાના જ્યારે પીડા આપે ત્યારે અસહ્ય બની જાય છે. કારણ કે, **પોતાના જ ઘા મારે ત્યારે** માત્ર શરીર જ નહીં **હૃદય પણ ટીપાય** છે એટલે રાડો ન પાડીએ તો બીજું શું કરીએ ?''



આપણે **હૃદય** અને **લાગણી પર** ઘા કરવાનું બંધ કરીએ. કારણ કે, એનાથી થતી પીડા **અસહ્ય** હોય છે. અને એ પોતાની **પીડા** વિષે કોઈને કહી પણ નથી શકતા. શરીરના ઝખમો જોઈને લોકો ખબર અંતર પણ પૂછે પણ આ હૃદયના **ઝખમો** ક્યાં કોઈને દેખાય છે...???

માણસને જેટલો માણસ નડે છે એટલું બીજું કોઈ નથી નડતું. આપણે જ્યારે બીજા સાથે **તોછડો વ્યવહાર** કરતા હોઈએ ત્યારે આપણે ભૂલી જઈએ છીએ કે સામેવાળી વ્યક્તિનું **સર્જન** પણ મારું સર્જન જે ભગવાને કર્યું છે તેણે જ કર્યું છે. મને જો તેમાં કોઈ **ભૂલ** દેખાય છે તો તે ભગવાનના સર્જનની **ખામી** છે. અને ભલા, ભગવાનના સર્જનમાં કોઈ ખામી હોય ખરી...?



ઘણીવખત સામેની વ્યક્તિની ખરેખર **ભૂલ** હોય પણ ખરી, પણ એનો મતલબ એવો બિલકુલ નથી કે એના પર ધૃણા રાખવી. આખીર એ પણ એક માનવ છે, એનું પણ કંઈ સ્વાભિમાન છે. અને આમ પણ, **'માણસ માત્ર ભૂલને પાત્ર.'** આપણે પણ ક્યાં દૂધના ધોયેલા છીએ...!! આપણે પણ આ નહિ તો બીજી પણ ભૂલ તો કરેલી જ છે. અને ભૂલ જે હોય તે આખીર તો ભૂલ જ છે. તો મને કોઈ અપમાનિત કરે, મારી કોઈ **અવગણના** કરે તો મારી **મનઃસ્થિતિ** કેવી હોય છે ?

જો આપણી કોઈ અવગણના કરે અને આપણો આનંદ જતો રહે છે, હૃદય કકળી ઊઠે છે તો પછી આપણને બીજાની અવગણના કરવાનો બિલકુલ અધિકાર નથી.

આપણે ખરેખર **સત્સંગી** છીએ, ભગવાનના એકાંતિક **ભક્ત** છીએ, ભગવાનની એક-એક આજ્ઞા આપણે સારધાર પાળીએ છીએ એવું આપણે માનીએ છીએ, બજારું વસ્તુ જમતા નથી, કુદરતી હાજતે જઈને સત્તરવાર હાથ ધોઈને સ્નાન કરીએ છીએ, મુસાફરી કરીને સ્નાન કર્યા પછી જ રસોડામાં પ્રવેશ કરીએ છીએ. વાહ ! આ ઘોર કળિકાળમાં આવી સુંદર ધર્મનિષ્ઠા. ભગવાન શ્રીહરિ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો આપણા ઉપર ખૂબ રાજી થાય એવું આપણું **જીવન** કહેવાય. ખરુંને ?

> "ભારત તો માનવતાની **જન્મભૂમિ** છે. એ વાત અલગ છે કે આપણે આપણી **સંસ્કૃતિ** ભૂલ્યા છીએ. પણ સંસ્કૃતિ હજુ વેંચી નથી નાખી. હજુ આપણા ઘરના કોઈ ખૂણામાં પુસ્તકરૂપે કે દેશના કોઈ ખૂણામાં મહાપુરુષો રૂપે આપણી સંસ્કૃતિ **જીવંત** છે."

પરંતુ તેમ છતાં આપણા અંતઃકરણમાં ૨૪ કલાક **અહો ! અહો !** કેમ નથી થતું ? અંદરથી **આનંદના હીંસોરા** જેમ ચઢવા જોઈએ તેમ કેમ નથી ચઢતા ? અંદરની વાસનાઓ કેમ નાશ નથી પામતી ? કોઈ કોઈ વ્યક્તિઓને જોઈને ધૃણાની ભાવના કેમ થાય છે ? ખૂબ ઊંડેથી વિચારો તો **જવાબ** આપણી પાસે જ છે. એ શું ?

અરે ! પોતાના સામાન્યમાં સામાન્ય નોકરને પણ કેવી રીતે રાખવો ને કેવો વ્યવહાર તેની સાથે કરવો તેનું જોઈએ **જીવંત અધિકારીનું જીવન આભલું.**

બરફના ચોસલા જેવી ઠંડીગાર રાત જામી હતી. રાતના લગભગ દોઢ વાગ્યા હતા. આખુંયે બંગાળ ટુંટિયું વાળીને નિદ્રાની સોડમાં લપાઈ ગયું હતું. કોઈ રજાઈ ઓઢીને કોઈ ફાટેલું ગોદડું લઈને તો કોઈ ફક્ત એના જીર્ણ થઈ ગયેલા વસ્ત્રના સહારે સૂતા હતા. બરાબર એ જ સમયે **બંગાળ**ના કૃષ્ણનગર રાજ્યના **ઉચ્ચ અધિકારી** એમના શયનકક્ષ તરફ આગળ વધી રહ્યા હતા.

આમ તો દરરોજ એ સમયસર આવી જતા પણ આજે કોઈ કારણસર એમને બહુ મોડું થઈ ગયું હતું. શરીર પર ગરમ ઓવરકોટ હતો અને માથે શુદ્ધ ઉનની ટોપી હતી છતાં પણ એ ઠંડીથી ધ્રૂજી રહ્યા હતા. ઝડપથી જઈને હૂંફાળા રૂના ગાદલામાં રજાઈની સોડ લઈને સૂઈ જવા માટે એ બેતાબ હતા.

પણ જેવા એ એમના કક્ષમાં ગયા કે એમણે જોયું કે એમનો જૂનો વિશ્વાસુ નોકર એમની રજાઈ ઓઢીને એમના પલંગ પર સૂઈ ગયો હતો. **તારાકાન્ત** થોડીવાર ઊભા રહ્યા પણ



એને ઉઠાડ્યો નહીં. એમણે વિચાર્યું કે અડધી રાત્રે એને ઉઠાડીશ તો બિચારાની ઊંઘ બગડશે અને નાહકનો એ ક્ષોભ અનુભવશે. પછી એમણે બીજી રજાઈ મંગાવવાનો પણ વિચાર કર્યો. પરંતુ એના માટે પણ કોઈક નોકરને તો ઉઠાડવો પડે એમ હતો. આખરે એમને કોઈનીયે ઊંઘ બગાડવાનું યોગ્ય ન લાગ્યું અને એ પલંગ પર પડેલી એક પાતળી ચાદર લઈને જમીન પર જ સૂઈ ગયા.

એક સામાન્ય નોકરની પણ ઊંઘ બગાડવા તૈયાર ન હોય એ માણસ કેટલો મોટો હશે ? આવો વ્યવહાર એટલે જ આદર્શ માનવતા!

લોકો કહે છે કે જમાનો ખૂબ બદલાઈ ગયો છે. એકવીસમી સદી **વિકૃતિ** લઈને આવી છે. ભાઈ-ભાઈની હત્યા કરતા ખચકાતો નથી, સગો દીકરો મા-બાપને કાઢી મૂકતા અચકાતો નથી, ભાઈ-બહેન વચ્ચે હવે પહેલા જેવો પવિત્ર પ્રેમ નથી રહ્યો વગેરે... વગેરે... પણ જગતમાં વ્યાપી ગયેલા અને વ્યાપી રહેલા આ દુર્ગુણોનું **મૂળ** શું ? એવું તે શું થયું કે જગતમાંથી એકાએક **માનવીય ભાવનાઓનું બાષ્પીભવન** થઈ ગયું ? ઓછાવત્તા પ્રમાણમાં પહેલેથી વ્યાપેલા અને ધીમે ધીમે એની માત્રા વધારતા જતા અન્યાય, અનીતિ, દગો, હત્યા, વિશ્વાસઘાત, સ્વાર્થ, ઈર્ષ્યા, અભિમાન જેવા દુર્ગુણોનું કારણ છે માનવતાનો અભાવ, માણસની નસોમાંથી ધીમે ધીમે ઘટતું જતું માનવતાનું રક્ત. લોકો માને કે ન માને પણ જગતમાં ફેલાયેલા તમામે તમામ દુર્ગુણોના મૂળમાં **માનવતાનો અભાવ જ** જવાબદાર છે. જે માણસમાં માનવતા નથી એ માણસ જ આવા **જઘન્ય કૃત્યો** કરવા માટે પ્રેરાય છે. જેના હૃદયમાંથી માનવતા નામના ધબકારા અદૃશ્ય થઈ ગયા છે, જેની આંખોમાંથી માનવતા નામની ચમક ઝાંખી પડી ગઈ છે, જે કાન મદદ માટે પડાયેલી કોઈની ચીસ સાંભળી શકતા નથી એવા માનવતાવિહીન લોકો જ સમગ્ર જગતમાં ફેલાયેલા કૃત્યો પાછળ **જવાબદાર** છે. જગતને પડી ભાંગતું બચાવવું હશે તો આપણે પુનઃ આપણી આંખોમાં **માનવતા નામની ચમક** આંજવી પડશે અને ફરીવાર મદદ માટે પડાયેલા સાદને કાનસરો આપવો પડશે.

તો આપણે **સારા હરિભક્ત** કહેવાઈએ છીએ પણ રૂપિયા બનાવવાના **ચક્કર**માં આપણે ક્યાંક આપણી માનવતા ગુમાવી છે. કોઈકના હૃદયને ઠેસ પહોંચાડી છે. કોઈકની તો આંતરડી કકળાવી છે. અને વળી પાછું આ બધું કરવા માટે આપણી પાસે બહાનું કેવું જબ્બર તૈયાર હોય છે. 'એ ક્યાં ભગવાનનો ભક્ત છે ? એ ક્યાં તિલક-ચાંદલો કરે છે ? એ ક્યાં મંદિરે જાય છે ? એ તો લસણ-ડુંગળી બધુ ખાય છે. માટે એનું કાટલું કરવામાં વાંધો નહિ. અને આમ, પણ આપણી પાસે પૈસા હશે તો સત્સંગના ઉન્નતિના કાર્ય કરવામાં જ દાન કરીશું. એ તો ખાલી પોતાના પરિવારના ભરણપોષણમાં જ જિંદગી પૂરી કરી દેશે. જ્યારે આપણે પાસે રૂપિયા હશે તો દાન કરીને ભગવાન શ્રીહરિ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો-હરિભક્તોને રાજી કરી શકીશું...!!!'

અરે ભલા ! થોડો તો વિચાર કર. ભગવાન શ્રી સ્વામિનારાયણ **પૂરબિયા ભગવાન** છે. અનંત કરોડો બ્રહ્માંડોની સંપત્તિ જેના ચરણારવિંદમાં આળોટે એ ભગવાનના પુત્ર કોઈ દિવસ આવા રૂપિયાથી રાજી થાય ખરા ? જેઓ સંસારના સુખમાત્રને ફૂટબોલની જેમ લાત મારીને ભગવાન મેળવવા નીકળી પડ્યા હોય તે સંતો આવા રૂપિયાથી રાજી થાય ખરા ? ક્યારેય ન થાય. માટે આપણે આપણો આવો વ્હેમ કાઢી જ નાખવો જોઈએ.

અને આમ પણ **વિચારવા જેવી બાબત** છે કે, કોઈ વ્યક્તિ ભલે ભગવાનનો ભક્ત ન હોય, ભલે તે તિલક-ચાંદલો ન કરતો હોય, ભલે ક્યારેય મંદિરનું પગથિયું પણ ન ચઢ્યો હોય, ભલે તે બધુ ખાઈ-પી લેતો હોય. પણ તેમ છતાં તે કદાચ ભલો માણસ પણ હોય. એને ક્યારેય સારો સંગ નથી મળ્યો એટલા માટે તે એવા કાર્યો કરે છે. પરંતુ તે અંદરથી મુમુક્ષુ પણ હોય...!!!

અને કદાચ એમ ન પણ હોય તો તમે તો ભગવાનના ભક્ત છો, ભગવાનની બધી આજ્ઞા પાળો છે તો પછી **શિક્ષાપત્રી**નો ૧૭મો **શ્લોક** ક્યાંય આડો નહિ આવે ? શ્રીજીમહારાજ કહે છે : 'स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् । सस्वामि काष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥' - અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું. અને ધણિયાતું જે કાષ્ટ, પુષ્પ, આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું.

અને તમે તો એની પરસેવાની બધી કમાણી છીનવવા ઊભા થયા છો. તો પછી તમે ભક્ત છો કે બગભક્ત...?

સામેવાળો વ્યક્તિ ભલે ભગવાનનો ભક્ત નથી, પણ એક માણસ તો છે ને...! પણ તમે ચશ્મા કાચના નહિ, પરંતુ રૂપિયાના પહેર્યા છે એટલે તમને સામેવાળી વ્યક્તિ માણસ નથી દેખાતી પણ પૈસા છાપવાનું મશીન દેખાય છે.

એકદિવસ કંજૂસ અને લાલચુનો સરદાર એવો **એક વેપારી** એક સંત પાસે ગયો. સંતે તેને **કાચની બારી** પાસે લઈ જઈને પૂછ્યું : ''સામે શું દેખાય છે ?''

''માણસો...!'' પેલા વેપારીએ શેરીમાં નજર કરીને કહ્યું.

પછી સંતે તેના એક સેવક પાસે બારીનો કાચ કઢાવીને ત્યાં એક **અરીસો** મૂકાવ્યો અને પછી વેપારીને પૂછ્યું : ''હવે શું દેખાય છે ?''

''હવે હું પોતે દેખાઉં છું.'' સંતે તેના ખભે હાથ મૂકીને કહ્યું : ''સાંભળો, સાંભળો ! બારીમાં પહેલા પણ કાચ હતો અને

અત્યારે પણ કાચ છે. બંનેમાં ફેર માત્ર એટલો છે કે અત્યારે જે કાચ છે તેની પાછળ થોડું રૂપું લગાડીને તેને અરીસો નામ આપ્યું છે. તો શેઠ ! વિચારવાની વાત એ છે કે, રૂપાના એટલા બારીક પડથી પણ માણસ બીજા માણસને દેખતો બંધ થઈ જાય છે અને માત્ર પોતાને જ જુએ છે તો તમે તો કાયમ રૂપિયાના જ આવરણમાં જ રહો છો તો પછી તમને બીજા કોઈ માણસ ક્યાંથી દેખાય...? પૈસાનો ચળકાટ જ એવો છે તો...!''

પણ, સાવધાન ! પૈસા પાછળની **ગાંડી દોડ** તમને મળેલી માનવની ઉપાધિ (Degree) છીનવી લે છે.

કોલેજમાં ફિલોસોફીના એક પ્રાધ્યાપક એમના કેટલાક વિદ્યાર્થીઓ સાથે બગીચામાં બેઠા હતા અને માનવ-માનવ વચ્ચેના સંબંધોના સંદર્ભમાં ચર્ચા કરી રહ્યા હતા.

એક વિદ્યાર્થીએ **પ્રશ્ન** પૂછ્યો : ''સાહેબ ! બે વ્યક્તિઓ મળે છે ત્યારે એ મિલન ભાવપૂર્ણ હોવાને બદલે માત્ર **ઔપચારિક** હોય એવું કેમ લાગે છે ?''

પ્રાધ્યાપકે કહ્યું : ''બેટા ! મને એક પ્રશ્નનો જવાબ આપ. તે પહેરેલા શર્ટમાં દરજીએ મૂકેલું **ખીસ્સું** કઈ બાજુ પર છે ?''

વિદ્યાર્થીએ કહ્યું : ''સાહેબ ! ખીસ્સું તો **ડાબી બાજુ પર** છે. અને મારા એકનું નહિ, આપણા બધાના શર્ટના ખીસ્સા ડાબી બાજુ પર જ છે. પણ ખીસ્સાને અને સંબંધને શું લેવા દેવા ?''

પ્રાધ્યાપકે હસતાં હસતાં કહ્યું : ''બેટા ! ખીસ્સાને અને સંબંધને બહુ લેવા-દેવા છે. મને એ કહે કે, ભગવાને માણસના શરીરમાં હૃદય કઈ બાજુ આપ્યું છે ?'' વિદ્યાર્થીએ કહ્યું : ''હૃદય પણ ખીસ્સાની જેમ ડાબી બાજુ પર જ છે.!''

પ્રાધ્યાપકે થોડી ગંભીરતા સાથે કહ્યું : ''ભાવશૂન્યતાનું આ જ કારણ છે. શરીરની ડાબી બાજુ પર આવેલા હૃદયને શર્ટની ડાબી બાજુ આવેલા ખીસ્સાએ ઢાંકી દીધું છે. પરિણામે બે વ્યક્તિઓ જ્યારે એકબીજાને મળીને ભેટે છે ત્યારે **માત્ર ખીસ્સા જ ભેટે છે** હૃદય નથી ભેટતા.''

માનવીય લાગણીઓનો **અનુભવ** કરવો હોય કે કરાવવો હોય તો ખીસ્સાને દૂર કરવા પડે. આપણે બધા જ આપણા ખીસ્સાઓને સાથે લઈને ફરીએ છીએ. માણસને મળીએ છીએ અને પછી કહીએ છીએ કે મને તેના હૃદય ઝરણાની શીતળતાનો અનુભવ જ ન થયો.

એક બીજી બાબત પણ એવી છે કે, જેમાં આપણે માત્ર સાવ **અભક્ત** જ નહીં પણ, સાવ **અમાનવ** જ સાબિત થઈએ છીએ. એ વાત નીચેના **દૃષ્ટાંત** દ્વારા કહી જાય છે.

એકવાર શિવાજીના ગુરુ **સમર્થ સ્વામી રામદાસ** તીર્થાટન માટે નીકળ્યા હતા. થાક ઉતારવા માટે તેઓ એક ઝાડના છાંયડે બેઠા. થાકના કારણે થોડા જ સમયમાં એમને ઊંઘ આવી ગઈ. બધા શિષ્યોને પણ ખૂબજ ભૂખ લાગી હતી. આથી ગુરુને ઊંઘતા જોઈને તે પૈકીના કેટલાક ખોરાક શોધવા માટે નીકળ્યા.

થોડે દૂર એક ખેતરમાં શેરડી વાવેલી હતી. તેઓ બધા આ ખેતરમાં ગયા અને શેરડી કાપીને ખાવા લાગ્યા. ખેતરનો માલિક આવ્યો એટલે બધા ભાગીને સ્વામી રામદાસ પાસે બેસી ગયા. જ્યારે ખેડૂત સ્વામી રામદાસ પાસે પહોંચ્યો, તો સ્વામીજીને જોઈને જ એ સમજી ગયો કે આ બધા બાવાઓના ગુરુ આ જ છે. એ સ્વામી રામદાસને ઓળખતો નહોતો આથી ગુસ્સામાં આવીને એમણે સ્વામી રામદાસને **એક તમાચો** મારી દીધો.

સ્વામીના શિષ્યો ખેડૂતને મારવા ઊભા થયા એટલે સ્વામીજીએ એમને અટકાવ્યા અને પેલા ખેડૂતને પૂછ્યું : ''ભાઈ ! મેં તો તમારું કંઈ જ નથી બગાડ્યું તો પછી તમે મને શા માટે તમાચો માર્યો ?'' પેલા ખેડૂતે બધી વાત કરી એટલે સ્વામી રામદાસનું મસ્તક શરમથી ઝૂકી ગયું અને એમણે ખેડૂતની માફી માંગી અને તેની **શેરડીનું મૂલ્ય** ચૂકવી આપવાનું વચન આપ્યું.

ખેડૂત ત્યાંથી રવાના થયો. ગુરુજીના ગાલ પર તમાચો પડવાથી બધા શિષ્યો અત્યંત ક્રોધિત હતા. એકે તો કહ્યું : ''ગુરુજી ! આપે અમને કેમ અટકાવ્યા ? એણે આપના ગાલ પર તમાચો માર્યો. આપનું આ અપમાન અમારાથી કેમ સહન થાય ?'' સ્વામી રામદાસે કહ્યું : ''મારા ગાલ પર કોઈ તમાચો મારે તો તેની તમને બહુ પીડા થાય છે પણ સ્વામી રામદાસના શિષ્ય થઈને કોઈના ખેતરમાંથી માલિકને પૂછ્યા વિના શેરડીની **ચોરી કરતી વખતે પીડા** કેમ નહોતી થઈ ? ત્યારે એવો **વિચાર** કેમ ન આવ્યો કે, અમે સમર્થના શિષ્યો છીએ અમારી આ હરકતથી સમર્થનું નાક કપાશે અને અપમાન થશે ?''

સંપ્રદાય અને ધર્મકુળ સાથે જોડાયેલા આપણે સૌ આપણા **સંપ્રદાય**નું કે **ધર્મકુળ** કે તેમને આશ્રિત **સંતો-હરિભક્તો**નું કોઈ ઘસાતું બોલે ત્યારે સ્વામી રામદાસના શિષ્યની જેમ જ ઘસાતું બોલનાર સામે યુદ્ધને મોરચે ચઢવા તૈયાર થઈ જઈએ છીએ, અને બિલકુલ થવું જ જોઈએ. કારણ કે, શ્રીજીમહારાજની પણ એ જ આજ્ઞા છે કે કોઈ પોતાના ઈષ્ટદેવ (ઈષ્ટદેવ સંબંધી કોઈપણ અંગતત્ત્વ)નું ઘસાતું બોલે તો તેના વેણ પર વેણ મારવું પણ પાજીપળાવની છાયામાં દબાઈ ન જવું. (વચનામૃત મધ્ય પ્રકરણ - ૫)

પરંતુ ક્યારેય આપણે વિચાર કર્યો છે કે, કોઈ વ્યક્તિ સંપ્રદાય કે ધર્મકુળનું ઘસાતું બોલે છે એમાં હું પણ જવાબદાર તો નથી ને ? જો તમે હો તો તમે ભગવાનના ભક્ત તો શું હજુ માનવ પણ નથી થયા...!! ખેર, એવું હોય તો ખોટી ચિંતા ન કરો, માત્ર એકાંતમાં બેસી અને પોતાની જાતને કહો 'માનવ ભવ મા નવઃ ।' અર્થાત્ '**માનવ બન.** બીજું કંઈ **નવું ન બન,** પશુ ન બન... પણ **માનવ** બન...!!!'

પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી
નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા

:: સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



ગતાંકથી આગળ...

➠ એક ગામમાં ગરાસીયાને **બે દીકરા** હતા. તેમાં નાના પુત્રને પારણામાં સુવાડીને તેની માતા સ્નાન કરવા ગઈ. તે સમયે ભૂખ લાગવાથી બાળક રડવા લાગ્યો તેથી દાસીએ તેને સ્તનપાન કરાવ્યું. પછી રાણીને વાત કહી, એટલે તેણે બાળકના પગ પકડી ઉંધો કરી હલાવ્યો અને ઉલટી કરાવી બધું ધાવણ બહાર કઢાવી નાખ્યું.

પછી બન્ને બાળકો યુવાન થયા ત્યારે ગામ લૂંટવા બહારવટિયાઓ આવ્યા. તેથી ત્રણે જણ લડવા ગયા. તેમાં મોટો દીકરો ધાડ્યને પાછી હઠાવી ને લડવા લાગ્યો, તે સમયે દુશ્મનોએ તેનું માથું કાપી નાખ્યું. તેથી તેનું ધડ લડ્યું અને તલવારને મ્યાનમાં મૂકી પૃથ્વી ઉપર સૂતો. ત્યારે તેના બાપે ખૂબ વખાણ કર્યાં.

પછી નાનાને લડવાનું કહ્યું. તેથી તે લડવા લાગ્યો અને અંતે તેનું માથું કાપી નાખ્યું એટલે ધડ લડ્યું અને ઘણાને મારી તલવાર મ્યાન કરવા ગયો ત્યારે અડધી મ્યાનમાં અને અડધી બહાર રહી ગઈ અને ધબ દઈને પડ્યો. તે જોઈ ગરાસીયો બોલ્યો : ''આ મારા પેટનો નથી લાગતો.''

પછી ઘેર જઈ ગરાસણીને ધમકી આપી પૂછ્યું. ત્યારે ગરાસણી બોલી : ''મારામાં કાંઈ બગાડ નથી, પરંતુ એકવાર દાસીએ તેને ધવડાવ્યો હતો પછી તેને મેં ઉંધો કરીને બધું ધાવણ કઢાવી નાખ્યું હતું, પણ ધાવણનો **એકાદ ફોદો** રહી ગયો હશે તેના કારણે તલવાર મ્યાન કરી શક્યો નહિ હોય.''

➠ વ્હાલા ભક્તો ! આ પ્રસંગનું એ **રહસ્ય** છે કે, **કુસંગરૂપી એકાદ ફોદો પણ** આપણામાં રહી જશે તો **મોક્ષમાર્ગમાં વિઘ્ન** થશે, માટે કુસંગનો ત્યાગ કરવો.

મહાભારતમાં **એક પ્રસંગ** આવે છે કે દુર્યોધનને તેની માતા ગાંધારીએ કહ્યું હતું કે, ''રાત્રીએ નગ્ન થઈ મારી પાસે આવજે. હું તને વજનો બનાવી દઈશ, તેથી તને કોઈ મારી નહિ શકે.''

પછી રાત્રીએ **દુર્યોધન** નગ્ન થઈ ગાંધારી પાસે જતો હતો ત્યારે **કૃષ્ણપ્રભુ** માળી બનીને સામા મળ્યા અને દુર્યોધનને કહ્યું : ''યુવાન દીકરાને માતા પાસે નગ્ન થઈને ન જવાય, માટે લે ફૂલ અને કેળના પાનથી ગુહ્યાંગને ઢાંકી દે, તેથી તારી માતાની આજ્ઞા પાળી ગણાશે.''

આ રીતે **ફૂલનો લંગોટ** પહેરાવી પ્રભુ જતા રહ્યા. પછી દુર્યોધન ગાંધારી પાસે ગયો. તેથી ગાંધારીએ આંખે બાંધેલ પાટા છોડી નાખ્યા. ત્યાં તો આંખમાંથી તેજ નીકળ્યું એટલે દુર્યોધન વજનો બની ગયો. પરંતુ સાથળમાં ફૂલોનું **આવરણ** હોવાથી તે વજના ન થયા.

પછી ભીમસેન સાથે યુદ્ધ કરવા ગયો ત્યારે કૃષ્ણપ્રભુના કહેવાથી ભીમે સાથળમાં ગદા મારી તેથી દુર્યોધનનું મૃત્યુ થયું હતું.

આ દૃષ્ટાંતનો **સિદ્ધાંત** એ છે કે દુર્યોધન સંપૂર્ણ વજનો ન હતો અને થોડોકજ કાચો હતો તેના કારણે તેને મરવું પડ્યું, તેમ આપણામાં ઘણા ઘણા ગુણો હશે પરંતુ થોડો પણ કુસંગનો સંગ હશે તેના કારણે, જેમ દુર્યોધનને મરવું પડ્યું તેમ આપણે પણ લખ-ચોરાશીમાં ફરવું પડશે; માટે કુસંગી લોકોનો ત્યાગ કરવો.

આપણા જીવનમાં જે જે કાંઈ **દુઃખોના પ્રસંગો** આવે છે તે તે તમામ દુઃખો **કુસંગના કારણે** આવે છે. એ કુસંગ વર્તમાનકાળનો હોય કે ભૂતકાળનો હોય કે ગયા જન્મનો હોય, તેથી જ જીવપ્રાણીમાત્ર અનેક પ્રકારનાં દુઃખોને પામે છે. એટલા માટે તો સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદસ્વામી** લખે છે :

**'સતસંગે કરી સરે કાજ, કુસંગે કરી નરક સમાજ;**
**જેજે દુઃખ થયાં થાશે અંગે, હમણા દુઃખી તે પણ કુસંગે.**
**કુસંગનો સંગ સહુ ત્યાગી, સર્વે હરિને ભજો સુભાગી;**
**કુસંગ તો કરશો માં કોઇ, જમપુરીનાં દુઃખને જોઇ.**
**કુસંગના ડરથી તો ડરવું, તો મટે જનમવું ને મરવું;**
**તજી કુસંગ સત્સંગ કરિયે, તો ફરી ભવફેરા ન ફરિયે.**
**મળે વાઘ નાગ વિષ ખારું, પણ કુસંગ થકી સૌ સારું;**
**એથી એક જનમ જાય જાણ્ય, કુસંગથી કોટિ કોટિ હાણ્ય.**
**માટે કુસંગ કેને ન કરવો, પાપ રૂપ જાણી પરહરવો;**
**એવા કુસંગને સંગે રહ્યા, તેતો લખ ચોરાશીમાં ગયા.'**

(યમદંડ : ૧૬/૧૭)

માટે ભગવાનના ભક્તો, નબળા સંગથી, કુસંગના સંગથી હંમેશા દૂર રહેજો. નબળું થવું એમાં કાંઈ મોટપ નથી. પાન-ગુટખા ખાતા થઈ જવું એ કાંઈ જાહેરાત કર્યા જેવી વાત છે ? ફોનમાં એમ કહેવાય કે, 'હવે ચિંતા કરતા નહિ, હું પાન-ગુટખા-મસાલો ખાવા મંડ્યો છું...!!' એમાં કાંઈ ધાડ નથી મારી. પરંતુ પાન-ગુટખા-મસાલા આદિક વ્યસનો છોડ્યા હોય તો ફોનમાં કહેવાય કે, 'હવે મેં વ્યસનો છોડી દીધા છે.'

નબળું કાર્ય તો બહુ સહજ હોય છે, પણ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી જ બહુ કઠીન છે. માણસ સારો અને નરસો મહદંશે સંગને અવલંબને કરીને થાય છે. કદી પણ જિંદગીમાં નબળો સંગ કરશો નહિ. નિત્ય સારા પુરુષોનો જ સંગ રાખજો.

સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે કે, ''પોતાના કરતા શ્રેષ્ઠ હોય એનો સંગ કરવો, શ્રેષ્ઠ ન મળે તો પોતાની સમકક્ષ હોય એનો સંગ કરવો, પણ નબળાનો તો સંગ કરવો જ નહિ.''

➠ ધર્મે સહિત જ્યારે ભક્તિ કરવામાં આવે ત્યારે ભક્તિદેવી રાજી થાય અને ભગવાન પણ રાજી થાય છે. માટે શિક્ષાપત્રીમાં **ભગવાન શ્રીહરિ** કહે છે કે, હે ભક્તજનો ! ધર્મે રહિત ભક્તિ મારો આશ્રિત ક્યારેય પણ કરે નહિ.

કદાચ તમારા મનમાં સંકલ્પ થાય કે, ધર્મ વિનાની વળી ભક્તિ હોતી હશે ? તમને બધાયને અનુભવ હોય, નવરાત્રી આવે છે ત્યારે માતાજીની સમક્ષ ગરબા રમવામાં આવે છે. એ એક પ્રકારની ભક્તિ જ છે. પરંતુ એ ભક્તિમાં ધર્મને બદલે ધીમે ધીમે અધર્મએ પ્રવેશ કર્યો છે. મોટા મોટા શહેરોમાં નવરાત્રીમાં ડિસ્કો-દાંડીયાના આયોજનો થાય છે. એક યુવાન - એક યુવતી સો સો રૂપિયાની ટીકીટ લઈને એક સાથે રમે છે. એ ગાય છે તો ગરબા જ ! એટલે ભક્તિ તો છે પણ ધર્મે રહિત છે. ધર્મનો ત્યાગ કરીને છે.

ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિતોને ઉપદેશ આપતા **'શ્રી સત્સંગિજીવન'** ગ્રંથમાં કહે છે :

''હે મારા સર્વે આશ્રિતો ! તમે સાંભળો. ધર્મે રહિત જે કર્મ હોય તે કરવાથી મોટો ફાયદો થતો હોય તોપણ તે કર્મ મારા આશ્રિતોએ ક્યારેય પણ ન કરવું. જેમ ગટરના પાણીને લઈને સ્નાન કરતા નથી કે પીતા પણ નથી, તેનો તત્કાળ ત્યાગ કરીએ છીએ તેમ, ધર્મ વિનાના કર્મથી ધન મળતું હોય અને અન્ય ફાયદા થતા હોય તોપણ તત્કાળ તેનો ત્યાગ કરવો.

જેમ કે દારુ અને માંસ વેચવાથી ઘણા ડોલરો કે રૂપિયા મળતા હોય તથા પંખીઓ ને માછલાંઓને પકડવાની જાળો બનાવીને વેચવાથી ઘણા રૂપીયા મળતા હોય, તેમજ નાના-મોટા જીવજંતુઓને મારવાની દવાઓ બનાવીને કે વેચીને પણ ઘણા રૂપિયા મળતા હોય, ઈત્યાદિ અનેક ફાયદાઓ થતા હોય તો પણ શાસ્ત્રોએ નિષેધ કરેલા તે કર્મો કરવાં નહિ.

➠ સત્શાસ્ત્રોને જાણનારા સજ્જન પુરુષો જે કર્મની પ્રશંસા કરે છે તેને **ધર્મ** કહેવાય છે અને જે કર્મની તેઓ નિંદા કરે છે તેને અધર્મ કહેવાય છે. સારી વિદ્યા, પુષ્કળ દ્રવ્ય, શરીરની સુંદરતા, શૂરવીરપણું, સારાકુળમાં જન્મ, નિરોગી શરીર અને જન્મ-મરણથી રહિત થઈ જવું અર્થાત્ મોક્ષ મળવો, આ બધુ ધર્મ પાળવાથીજ મળે છે. (પૂર્વજન્મમાં જેણે ધર્મ પાળ્યો હશે તેઓ અત્યારે સુખી જણાય છે અને અત્યારે જે પાળે છે તે ભવિષ્યમાં સુખી થશે.)

➠ જે લોકો એટલો જ **સંકલ્પ** કરે કે - હવે પછી હું ધર્મ પાળીશ અને તેજ સમયે તેની આયુષ્ય પૂરી થઈ જવાથી તેમનું મૃત્યુ થાય તો પણ તે સ્વર્ગ સુખને પામે છે. તો પછી જે લોકો ધર્મનું પાલન કરે છે તેને મહાસુખ મળે તેમાં શું શંકા કરવાની ? અર્થાત્ મળે જ.

જે ધન ધર્મપૂર્વક **સંપાદન** કરેલું હોય તે ધન આ લોકમાં અને પરલોકમાં સુખ આપે છે. જે ધન અધર્મથી ભેગું કરેલું હોય તે ધનને ધિક્કાર છે, કારણ કે- તે ધન આ લોકમાં અને પરલોકમાં દુઃખનું કારણ છે. (અધર્મનું ધન બહુધા દવાના કામમાં, વકીલોના કામમાં તથા દારુ-માંસ ખાવામાં અને વ્યભિચાર વગેરે પાપકર્મોમાં જ વપરાય છે.)

➠ ધર્મ પાળવાથી કાંઈ પણ અપ્રાપ્ય નથી, જેમ દેડકાઓ પરાધીન થઈને તળાવ પ્રત્યે જાય છે તથા પક્ષીઓ પરાધીન થઈને સરોવર પ્રત્યે જાય છે તેમ સર્વે સંપત્તિઓ અને સુખ ધર્મનું પાલન કરનાર પાસે જાય છે. શ્રુતિ અને સ્મૃતિઓએ કહેલા ધર્મનું આચરણ કરનાર મનુષ્ય આ લોકમાં કીર્તિ પામે છે તથા મરણ પછી સર્વોપરી સુખ પામે છે.

➠ જ્યારે શરીરનો નાશ થાય ત્યારે તમામ ધન-સંપત્તિ અહીંયા જ પડી રહે છે, પરંતુ ધર્મનું પાલન કર્યું હોય તો તે ધર્મ જીવાત્માની સાથે પરલોકમાં જાય છે અને ધર્મ પાળનારને સુખની પ્રાપ્તિ કરાવે છે; માટે મારા સર્વ આશ્રિતોએ સ્ત્રીસંગની ઈચ્છાથી કે ધનની ઈચ્છાથી કે પછી કોઈપણ પદાર્થની ઈચ્છાથી ધર્મનો ત્યાગ કરવો નહિ.

➠ ધર્મનું પાલન કરતા હોઈએ અને અધર્મીલોકો ધર્મ છોડાવવા માટે આપણને હેરાન કરે તોપણ ધર્મનો ત્યાગ કરી અધર્મથી ધન મેળવવું નહિ, તેમજ અધર્મ કરવાનો સંકલ્પ પણ કરવો નહિ. 'धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।' - આ લોકમાં કોઈ કોઈને હણતો નથી તેમજ કોઈ કોઈનું રક્ષણપણ કરતો નથી, કેવળ ધર્મ જ પોતાને છોડી દેનાર પુરુષનો નાશ કરે છે અને ધર્મજ પોતાને પાળનાર માણસનું રક્ષણ કરે છે.

➠ મનુષ્યોનું જીવન તણખલાના અગ્રભાગ ઉપર રહેલા જળના બિંદુસમાન અસ્થિર છે, માટે ધર્મ પાળવામાં વિલંબ ન કરવો. અર્થાત્ પાંદડા ઉપર રહેલ પાણીનું ટીપું ક્યારે નીચે પડી જાય તેનું નક્કી નથી તેમ આપણું આયુષ્ય ક્યારે પુરું થઈ જાય તેનું પણ નક્કી નથી એમ માનીને ધર્મનું પાલન કરવું.

➠ એક દિવસ પણ ધર્મના આચરણ વિનાનો જાય તેટલો સમય તે માણસ જીવે છે તો પણ તેને લુહારની દુકાનમાં રહેલ ધમણ જેવો જાણવો. અર્થાત્ ધમણ શ્વાસ લે છે તેથી ધમણને કોઈ ફાયદો નથી, તેમ ધર્મ વિનાનો મનુષ્ય શ્વાસ લે છે તેને પણ કંઈ ફાયદો થવાનો નથી.

➠ ધર્મ પાળનારા પુરુષો તથા સ્ત્રીઓના જીવનમાં એવા પ્રસંગ આવે કે- તેઓ અધર્મ કરે તોજ ધન મળે, નહિતર ન મળે અને ધર્મનું પાલન કરે તો ભિખારીની જેમ ભિક્ષા માગીને પેટ ભરવાનો પ્રસંગ આવે, તો તેવા સમયમાં શું કરવું ? ભીખ માંગવી કે પછી ધર્મ છોડી રૂપિયા કમાઈને અનાજ અને વસ્ત્ર વગેરે લેવું ? તો ભગવાન શ્રીહરિ તેનો જવાબ આપે છે તે સાંભળો :

'नावसीदति चेद्धर्मः कपालेनापि जीवता ।
आढ्योऽ स्मीत्येव मन्तव्यं धर्मवित्ता हि साधवः ।।'

"ધર્મ પાળતાં પાળતાં કદાચ ભિક્ષા માગવાનો પ્રસંગ આવે તો પણ ભીખ માગીને પણ પોતાને હું ધનવાન છું એમ માનવું, કારણ કે - **'ધર્મ છે તેજ સાચું ધન છે'** એમ મહાપુરુષોએ પણ કહ્યું છે; તેઓ ધર્મને જ સાચું ધન માને છે." (શ્રી સત્સંગિજીવન : ૨/૧/૩૪)

➠ ગૃહસ્થ હરિભક્તોએ ગૃહસ્થાશ્રમમાં રહીને પોતાની વિધવિધ જવાબદારીઓ નિભાવવાની હોય છે. તમારે પોતાની જાતને માટે, કેટલીક જવાબદારી આવે છે, કેટલીક પરિવારને માટે આવે છે, કેટલીક સમાજને માટે આવે છે અને કેટલીક રાષ્ટ્રને માટે ફરજો બજાવવાની આવે છે. આ બધી જ ફરજો બજાવતા બજાવતા પણ એક વાત ભૂલતા નહિ કે, પરમ તત્ત્વ પરમાત્મા છે. એને વળગ્યા સિવાય મુક્તિ સંભવિત બનતી નથી. બધી જવાબદારી સંભાળતા પૂર્ણ અનુસંધાન રાખજો કે, ફરજ તમારી જો લેશ માત્ર આસક્તિમાં પલટાઈ જશે તો આસક્તિ તમારો મોક્ષ બગાડી નાખશે.

➠ તપ જ્યારે કરવામાં આવે છે ત્યારે ઈન્દ્રિયો જે છે એનો પાવર છે તે વિષય બાજુ જવાનો છે - એ પાવર પ્રતિલોમ થાય છે. અને ઈન્દ્રિયો પ્રતિલોમ થતાંની સાથે અંતઃકરણ શુદ્ધ થાય છે. અંતઃકરણની શુદ્ધિ થતાં પવિત્ર વિચારો પ્રગટ થાય છે. પછી એ વ્યક્તિના હાથે સુંદર સારા કાર્યો થાય છે. અને અંતઃકરણ પવિત્ર થતાં જ ભગવાનનો એમાં વાસ થાય છે. અને પાપ માત્ર વિદાય લઈ લે છે ત્યારે એની મુક્તિ થાય છે.

➠ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ આ ભૂમંડળ પર અનંત જીવોના સર્વાંગી અભ્યુદય-વિકાસ અર્થે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિભાવ યુક્ત ભાગવત-એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. સર્વાવતારી એવા તેમણે સ્વયં સ્થાપેલ મંદિર, દેવ, આચાર્ય, શાસ્ત્ર, સંત અને હરિભક્તો. આ ષડ્અંગી સંપ્રદાયની દિવ્ય ભાગીરથીના નીર આ ધરા પર ચારે દિશામાં ફરી વળ્યા. અને અનંત જીવાત્માઓને પાવન કરતા રહ્યા છે.

આપણે બહુ ભાગ્યશાળી છીએ. આપણને જે પ્રાપ્તિ થઈ છે એ બ્રહ્માંડમાં કોઈને નથી થઈ. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે બાથમાં ઘાલીને પધરાવેલા દેવો આપણને મળ્યા છે. 'આ અમારું અપર સ્વરૂપ છે' એમ કહીને પોતાના સ્થાને ધર્મકુળ વંશમાંથી સ્થાપિત આચાર્યશ્રી મળ્યા છે. એમના દીક્ષિત પવિત્ર સંતોનો મેળાપ થયો છે. અને ભગવાનના અકાંતિક ભક્તો મળ્યા છે. માટે આનંદમાં રહીને ભજન કરવું.

➠ અતિ શંકાવાળો માણસ અધોગતિને પામે છે, એનો વિનાશ સર્જાય છે. શ્રદ્ધા અને શંકા એકબીજાની પાક્કી દુશ્મન છે. આ બંને વચ્ચે સતત લડાઈ ચાલતી રહે છે. કોણ જીતે છે તેના પરથી જ માણસની **હાર-જીત** અને **સફળતા-નિષ્ફળતા** નક્કી થતી હોય છે. ભગવાનમાં શ્રદ્ધા ન હોય તો મૂર્તિ પણ પથ્થરથી વિશેષ કંઈ નથી. સફળતા માત્ર પ્રયત્નોથી નહીં પણ પોતાના પ્રયત્નોમાં રહેલી **શ્રદ્ધાથી** જ મળે છે. સંબંધો પણ શ્રદ્ધાથી જ સજીવન રહે છે.

એક ખેડૂત હતો. તેણે પોતાની વાડીમાં કૂવો બનાવવાનું નક્કી કર્યું. ત્રિકમ-પાવડો લઈને એ વાડીમાં કૂવો ખોદવા ગયો. ખેડૂતનો નાનકડો પુત્ર તેની સાથે હતો. જમીનમાં ત્રિકમના ઘા મારતો હતો ત્યારે બાળકે પૂછ્યું : "આપણા કૂવામાંથી પાણી નીકળશે ?"

એ જ સમયે ખેડૂતના કપાળેથી પરસેવાનું એક ટીપું જમીન પર પડ્યું. ખેડૂતે કહ્યું : ''જો આ એક ટીપું પાણી આવ્યું. મને પાણી કરતાં મારા પરસેવા ઉપર વધુ શ્રદ્ધા છે. મારો પરસેવો જ કૂવામાં પાણી લાવશે.'' મહેનત ઉપર શ્રદ્ધા ન હોય તો એ વેઠ બની જાય છે.

પરીક્ષા એ બીજું કંઈ નથી પણ શ્રદ્ધાને સાર્થક કરવાની તક છે. એક વિદ્યાર્થીએ કહ્યું : ''પરીક્ષા ન હોત તો ક્યારેય મને ખબર જ ન પડત કે હું બીજાથી શ્રેષ્ઠ છું.'' એકલો માણસ ગમે તેટલો ચાલે તો પણ ક્યારેય નંબર વન બનતો નથી.

માણસની **સૌથી મોટી સ્પર્ધા** હંમેશા પોતાની જાત સાથે જ હોય છે. માણસે પહેલાં પોતાના પર જીત મેળવવાની હોય છે. જે પોતાને જીતી શકતો નથી એ બીજાને ક્યારેય હરાવી શકતો નથી. ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવનાર એક રમતવીરે કહ્યું હતું કે, ''જ્યારે મેં પહેલી વખત રેકોર્ડ બ્રેક કર્યો ત્યારે મારે કોઈનો રેકોર્ડ તોડવાનો હતો. એ રેકોર્ડ તૂટી ગયો પછી મને થયું કે, હવે શું ? મેં નક્કી કર્યું કે, હવે મારી સ્પર્ધા મારી સાથે જ છે. મેં મારો જ રેકોર્ડ તોડવાનું નક્કી કર્યું. મેં મારો જ રેકોર્ડ બ્રેક કર્યો ત્યારે મને સમજાયું કે, પોતાને જ હરાવવા જેવો આનંદ બીજાને હરાવવામાં નથી.''

દરિયાનું પાણી ગમે એટલું ઊંડું હોય તો પણ એ નાનકડી હોડકીને ડૂબાડી શકતું નથી. પણ જો હોડીમાં નાનકડું કાણું પડી જાય તો હોડી ડૂબી જાય છે. શંકાનું પણ એવું જ છે. થોડીક શંકા પ્રવેશી એટલે વહાણ ડૂબ્યું. સાચા નાવિકને દરિયાના ડર કરતાં પોતાની હોડી ઉપર વધુ શ્રદ્ધા હોય છે. સવાલ માત્ર એ જ હોય છે કે તમને તમારી જાત ઉપર શ્રદ્ધા છે ? જ્યાં શ્રદ્ધા નથી હોતી ત્યાં બહાનાં હોય છે. શિલ્પકારને પથ્થરમાં પ્રતિમા દેખાય છે અને તોફાનીને ઘા કરવાનું સાધન. ફર્ક માત્ર શ્રદ્ધામાં જ છે.

વાત સફળતાની હોય કે સંબંધોની, શ્રદ્ધા વગર કંઈ જ સિદ્ધ થતું નથી. આપણને આપણા સંબંધો ઉપર કેટલી શ્રદ્ધા હોય છે ? એક ભાઈ એક સર્વે લઈને સમાજશાસ્ત્રી પાસે ગયા. આ સર્વેમાં એવા તારણો હતા કે સંબંધો તૂટવાનું પ્રમાણ વધી ગયું છે. સર્વે જોઈને સમાજશાસ્ત્રી હસ્યા. તેણે કહ્યું કે ભાઈ, આ સંબંધો તું ધ્યાનથી જો. સંબંધોની સંખ્યા તો એટલી જ છે. સંબંધો તૂટવાની સંખ્યા વધી છે. સંબંધો તો ત્યારે જ તૂટ્યા જ્યારે સંબંધો બંધાયા. સંબંધો બંધાયા જ ન હોત તો સંબંધો ક્યારેય ન તૂટત. સમજવાની વાત એટલી જ છે કે, સંબંધો નથી ઘટ્યા, શ્રદ્ધા ઘટી છે. લગ્નના કેસો તો એટલા જ છે, છૂટાછેડાના કેસો વધ્યા છે.

એક પતિ-પત્નીને ઝઘડો થયો. વાત પંચ સુધી ગઈ. પતિ-પત્નીએ એક-બીજા પર આક્ષેપો કર્યા. પતિએ કહ્યું કે, મારી પત્ની જેવું કહે છે એવો હું નથી. પત્નીએ કહ્યું કે, મને મારા પતિ ઉપર શંકા છે. પત્નીની વાત સાચી ન લાગી ત્યારે પંચના વડાએ કહ્યું કે, બહેન તને તારા પતિ પર શંકા છે એમ ન કહો. સાચી વાત એ છે કે, તને તારા પતિ પર શ્રદ્ધા નથી. મોટા ભાગના સંબંધો શ્રદ્ધા ન હોવાના કારણે તૂટે છે. તમારા પ્રેમમાં અને તમારા પ્રયત્નોમાં શંકા ન ઘૂસી જાય એની સાવચેતી રાખો.

શંકા આવશે તો શ્રદ્ધા ક્યારે સરકી જશે એ સમજાશે જ નહીં. દિલમાં બેમાંથી માત્ર એક જ રહી શકે, કાં શંકા અને કાં શ્રદ્ધા. તમે ધારો તેને તમારા દિલમાં રાખી શકો છો. શંકાને ક્યારેય જીતી શકાતી નથી અને શ્રદ્ધા ક્યારેય હારતી નથી. આ વાત સમજી ન શકાય તો છેવટે માણસ જ હારતો હોય છે. શંકાને સબળ ન થવા દો અને શ્રદ્ધાને નબળી ન પડવા દો. તમારી શ્રદ્ધા જ તમને સફળ, શ્રેષ્ઠ અને સારા બનાવશે. 'જો તમે તમારા પર વિશ્વાસ રાખશો તો બીજા લોકો પણ આપોઆપ તમારા પર વિશ્વાસ રાખશે.'


➠ ઘણા લોકો સંશયવાળા હોય છે. પાંચ-પંદર દિવસ માથું દુઃખ્યું હોય અને દવા લીધી હોય તોપણ સારું ન થાય એટલે તુરંત ભૂવા કે જંત્ર-મંત્રવાળા પાસે પહોંચી જાય છે. પેલા જંત્ર-મંત્રવાળા તાંત્રિકોથી પાંચ-દસમાંથી એકાદને સારુ થઈ જાય, પછી તો આખી જિંદગી મરે ત્યાં સુધી મથામણ ચાલુ રહે. અને મરતાં મરતાં પણ છોકરાને તે મથામણ પાછું સોંપતા જાય એવા લોકો પણ હોય છે.

ભગવાનના ભક્તો કદી પણ મંત્ર-જંત્રમાં પ્રતીતિ રાખે નહિ. એક ભગવાન શ્રીહરિની નિષ્ઠાથી જ જીવિતવ્ય વિતાવજો. જીવનમાં આપત્તિ આવે તો શ્રીજીમહારાજની પાસે ઘીનો દીવો કરી **'વંદુ સહજાનંદ રસરૂપ'**ના પદોનું ગાન કરજો. ભગવાનની અનન્યભાવથી પ્રાર્થના કરજો : ''હે મહારાજ ! આપના સિવાય કોઈ મારો આશરો નથી. આપને જેમ યોગ્ય લાગે તેમ કરજો. પરંતુ એટલી પ્રાર્થના કરું છું કે, જગત મારી સામે આંગળી ન ચીંધે એવી દયા કરજો. કારણ કે જગત મારી સામે આક્ષેપો કે ધૂળ ઉડાડે એમાં મારું અપમાન નથી, પણ આપનું અપમાન થશે. આ દો રંગીની દુનિયાને શું બોલે તે નક્કી નહિ.''

આમ, એક ભગવાનની જ નિષ્ઠા રાખીને **પ્રાર્થના** કરવી. બાકી બીજે કોઈ સ્થાને નિષ્ઠા રાખવી નહિ.

➠ વહેમ અને વ્યસન માણસના પતનનું કારણ બને છે. સારા સારા પરિવારોમાં જ્યારે વહેમો પ્રવેશ કરે છે, જ્યારે વ્યસનો પ્રવેશ કરે છે ત્યારે એ પરિવારો બરબાદ થઈ જાય છે.

**ક્રમશઃ**
(વધુ આગામી અંકોમાં)



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

## બોરિવલી














બોરિવલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૧મા વાર્ષિક પાટોત્સવના ઉપક્રમે પૂ.સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## ગઢડા











ગઢડાને આંગણે ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોના ચંદનવાઘાના તથા દરબારગઢ, અક્ષરઓરડી આદિક પ્રાસાદિકના સ્થાનો દર્શનાર્થે પધારતા પ.પૂ. અ.સૌ. વહુજી મહારાજશ્રી સાથે બંને પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી.




ગઢડા પ્રદેશના ઠાંસા (તા. ગારીયાધાર) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના વરદ્હસ્તે યોજાયેલ નૂતન હરિમંદિરનું ખાતમુહૂર્તવિધિ.




ગઢપુરધામને આંગણે સિદ્ધપુરા પરિવાર(મુંબઈ)ના યજમાપદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.




ગોરવા(વડોદરા)માં શ્રીહરિ કોમ્પ્યુટર શોરૂમનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.




ભાયલી(વડોદરા)માં યોજાયેલ હોમાત્મક મહાપૂજા પ્રસંગે પધરામણી કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.


## ગઢડા





ગઢડાને આંગણે શ્રી ગોપીનાથજી મહારાજના દર્શનાર્થે પધારતા ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તથા અન્ય મંત્રીશ્રીઓ.

## યોગીચોક-સુરત












સુરત ખાતે યોગીચોક-સીમાડા વિસ્તારમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ હોલના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે યોજાયેલ હોમાત્મક મહાપૂજા, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટોત્સવ તથા સત્સંગ સભા

# રાજકોટ











રાજકોટને આંગણે પ.ભ. શ્રી પ્રશાંતભાઈ ઘનશ્યામભાઈ જોબનપુત્રા(કોંગો-આફ્રિકા)ના નિવાસસ્થાને યોજાયેલ ધર્મકુળ પરિવાર તથા સંતોની પધરામણી પ્રસંગે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ સત્સંગ સભા તથા ઠાકોરજી, ધર્મકુળ અને સંતોનો થાળ-રસોઈ

# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૫ તસ્વીર દર્શન




મીસીગન રાજ્યના ડીટ્રોઈટ ખાતે પ.ભ. શ્રી વિનુભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨૬-૫-૨૦૧૫)




ઓહોયો રાજ્યના ક્લીવલેન્ડ શહેરને આંગણે શ્રી હિન્દુ ટેમ્પલ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨૭-૫-૨૦૧૫)





મેસેચ્યુસેટ્સ રાજ્યના બોસ્ટનને શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧-૬-૨૦૧૫)




ટેક્સાસ રાજ્યના ઓસ્ટીનને આંગણે પ.ભ. શ્રી જીગ્નેશભાઈના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૮-૬-૨૦૧૫)

# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૫ તસ્વીર દર્શન








ટેક્સાસ રાજ્યના ડલાસને આંગણે પ.ભ. શ્રી અજયભાઈ સોનીના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૯-૬-૨૦૧૫)






કેલીફોનીયા રાજ્યના સાન-ફ્રાસીસ્કોને આંગણે પ.ભ. શ્રી મધુભાઈ સોનીના નિવાસસ્થાને
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૧-૬-૨૦૧૫)








કેલીફોનીયા રાજ્યના લોસ-એન્જલસને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના
વક્તાપદે યોજાયેલ ત્રિદિનાત્મક સત્સંગ કથા પારાયણ (તા. ૧૨ થી ૧૪-૬-૨૦૧૫)

# પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથેUSA સત્સંગ પરિભ્રમણ દરમ્યાન યોજાયેલ હરિભક્તોના નિવાસસ્થાને પધરામણી તસ્વીર દર્શન
















# પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથેUSA સત્સંગ પરિભ્રમણ દરમ્યાન યોજાયેલ હરિભક્તોના નિવાસસ્થાને પધરામણી તસ્વીર દર્શન



























# પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથેUSA સત્સંગ પરિભ્રમણ દરમ્યાન યોજાયેલ હરિભક્તોના નિવાસસ્થાને પધરામણી તસ્વીર દર્શન




ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન ખાતે નૂતન મંદિર ખાતમુહૂર્ત પ્રસંગે યજમાનો તથા અગ્રગણ્ય ભક્તોનું સન્માન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.







દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

**:: તારીખ ::** ૫-૭-૨૦૧૫

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

**:: સમય ::** સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

|| Shree Swaminarayan Vijayatetram ||

With the divine blessings of **Lord Shree Swaminarayan** and agyna of **H.H. 1008 Acharya Shree Ajendraprasadji Maharaj**, in the presence of **H.H. 108 Bhavi Acharya Shree Nrigendraprasadji Maharaj** (Vadtal)

# Shree Swaminarayan Hindu Temple ~ New Jersey

PRESENTS



## Shreemad Satsangijivan KATHA



P.P.D.D. 1008 Shree Acharya Shree Ajendraprasadji Maharaj



P. P. 108 Shree Bhavi Acharya Shree Nrigendraprasadji Maharaj

Orator :- **Swami Shree Nityaswarupdasji**

STRENGTH OF SATSANG: MAHARAJ, MANDIRS, ACHARYAS, SHASHTRAS, SANTOS, HARIBHAKTOS

SHREE LAXMINARAYAN DEV YUVAK MANDAL
PRESENTS

# NATIONAL SATSANG SHIBIR

LEADERSHIP | HONORABLE | DETERMINATION

MOTIVATIONAL | INSPIRATIONAL

## Date :- July 22nd - 26th , 2015

ખાસ નોંધ :- કથા-પારાયણ દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી પધારી દર્શન-અમૃતવાણીનો અમૂલ્ય લાભ આપશે.

**Note :- Mahaprasad will be served daily after KATHA.**

**Organizer**
Shree Swaminarayan Agyna Upasana
Satsang Mandal, New Jersey

**Venue**
Shree Swaminarayan Hindu Temple
329 Culver Road, Monmouth Junction, NJ - 08852

For More Information Please Contact :- **732-930-1008** Watch Live @ **www.svg.org**

design : www.artspacedesign.in




અમેરિકાના પેન્સિલવીલીયા રાજ્યના **સ્કેન્ટન** શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
**પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો **'પ્રથમ વાર્ષિક પાટોત્સવ'** તથા
શ્રી હનુમાનજી-ગણપતિજીની **'મૂર્તિ પ્રતિષ્ઠા'** તથા **'શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથાપારાયણ'** (તા. ૨૮ થી ૩૧-૫-૨૦૧૫)

Swaminarayan Chintan, June - 2015 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015




**અમેરિકા** ખાતે **ટેક્સાસ** રાજ્યના હ્યુસ્ટન શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી** મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ **'નૂતન મંદિર ખાતમૂહૂર્ત મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**. (તા. ૩ થી ૭-૬-૧૫)

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007